Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૫ • વર્ષ : ૭૯ • ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



અંક–૫ ● વર્ષ : ૭૯
૧૦ ઓગસ્ટ, ૨૦૨૫

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

**સંપાદક મંડળ**

* ઘનશ્યામભાઈ એચ. અમીન
* ભીખાભાઈ જ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**
સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

## અનુક્રમણિકા

શ્રાવણ : ભગવાન શિવ અને શ્રીકૃષ્ણની ભક્તિ–ભલાઈનો માસ
– શ્રી નવીન વી. વાછાણી ૩

જેમણે ઈ.સ. ૧૯૪૬માં ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો પાયો નાંખ્યો
– શ્રી દેવેન્દ્ર પટેલ ૬

પશુપાલકોને ત્યાં પ્રધાનમંત્રી પરોણાં
– શ્રી વી.એસ. ગઢવી ૧૦

ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી દ્વારા આર્થિક સામાજિક વિકાસ
– પ્રોફે. ડી. બી. ગોટી ૧૩

ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા નવી ડિજિટલ પદ્ધતિઓ અપનાવવી અનિવાર્ય ૧૬

વૈશ્વિક અર્થકારણમાં આર્થિક સક્ષમતા સામે પડકાર
– પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી ૧૮

અષ્ટાંયોગ અને સામાયિક પ્રતિક્રમણ
– શ્રી કિરણ ચાંપાનેરી ૨૦

આધુનિક કૃષિ ટેક્નોલોજી હાઇડ્રોપોનિક્સ
– ડૉ. ફાલ્ગુની આર. પટેલ ૨૫

સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સની અસરો
– શ્રી અંકિત યુ. ભટ્ટ ૩૦

વિશ્વમાં વધતી ગરમી–ઘટતા પાકો, વધુ ઉપજની ગેરંટી આપતા સંશોધનાત્મક ઉપાયો જરૂરી ૩૩

## ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

ચિંતન

# શ્રાવણ : ભગવાન શિવ અને શ્રીકૃષ્ણની ભક્તિ-ભલાઈનો માસ

શ્રાવણ માસ શબ્દ કાને પડતા તન-મનની શુધ્ધતા, ભગવાન શિવનું પૂજન, શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ તુરંત થાય છે, પાવનતા અનુભવાય છે. આમ શ્રાવણ માસમાં દેવાલયો, મંદિરો, શિવાલયો, તીર્થો, પવિત્ર નદીઓ ભક્તિભાવથી ધમધમે છે. આખા વર્ષમાં જે દેવ મંદિરે ન ગયા હોય તે શ્રાવણ માસમાં શુધ્ધ મનથી શિવપૂજા, કૃષ્ણભક્તિ કરી પાવન થવા જરૂર પ્રયત્ન કરે છે. કથાઓ, ભજનો, યજ્ઞો, દાન-પૂણ્યનો માસ એટલે શ્રાવણ માસ. આ માસ વ્રત, જપ, તપ, દાન અને ઉપવાસ દ્વારા પરમતત્વની આરાધના કરવાનો અવસર પણ છે. આ દિવસોમાં શિવજીની પૂજા, અર્ચના, ઉપાસના અને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરાય છે.

પૃથ્વીના અધિષ્ઠતા દેવ ભગવાન શિવજી છે. શિવજી ભોળા છે. શુધ્ધ મનથી તેમને યાદ કરતા તે ખુશ થઈ જાય છે.

**નવીન વી. વાછાણી**
૩૦૧-સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ,
આસ્થા રેસિ. પાછળ, મવડી, રાજકોટ-૪,
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

ભગવાન શિવ કલ્યાણકારી દેવ છે. તે સર્વનું કલ્યાણ કરનારા છે. તે ભક્તોની ભૂલો પર ક્રોધ કરતા નથી. પણ ભલું કરે છે. આથી જયાં શિવ ત્યાં પરમ આનંદ, જયાં આનંદ છે ત્યાં શાંતિ છે. જયાં શાંતિ છે ત્યાં દરેક કાર્ય મંગલમય, કલ્યાણમય થાય છે. આથી જ શિવ દર્શન કરતા આપણને અનોખી મંગલમય શાંતિ થાય છે.

શિવ નિર્ગુણ છે છતાં સગુણ દેખાય છે. નિરાકાર છે, છતાં સાકાર પ્રતીત થાય છે. મહાન દેવ છે. છતાં દીન ભક્ત જણાય છે. તે અમંગળ વાતાવરણમાં રહે છે. છતાં પરમ મંગલરૂપ છે. શિવ વિરક્ત, ત્યાગી અને તપસ્વી છે, છતાં તે આંતર વૈભવથી સમૃધ્ધ છે. બધા જેનાથી દૂર ભાગે છે ત્યારે શિવ તેની નજીક જનારા છે. ભૂત પ્રેતને મિત્ર બનાવવા, સ્મશાનમાં ક્રીડા કરવી, સાપ-વીંછીના આભૂષણ પહેરવા, શરીરે ચિતાની ભસ્મનો લેપ કરવો. આ બધુ તેમની કૃપાળુતા અને દયાનું પરિણામ છે. જેને કોઇ ગ્રહણ ન કરે તે હળાહળ ઝેરને તેમને પસંદ કર્યું. તેમને ઝેરને ન જીભ પર રાખ્યું કે ન પેટમાં પણ રાખ્યું. આનાથી તેમને સૂચન કર્યુ

કે ઝેર જેવી વાતને જીભ પર ન રાખો કે પેટમાં પણ ન રાખો. આમ શિવજી અમૃતમય આત્મસ્વરૂપ છે. તે દયા, કરૂણા, કૃપાના પરમપિતા છે. તે નિઃસ્વાર્થ માનવ કલ્યાણના પ્રતીક છે. તેમની ભક્તિ કરવાથી ભક્તજનનું સર્વકલ્યાણ થાય છે.

શ્રાવણ માસમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ - જન્માષ્ટમી તહેવાર પણ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ આપણા સૌના પ્રિય છે. કૃષ્ણ એટલે પ્રેમ અને પ્રેમ એટલે કૃષ્ણ. કૃષ્ણના જીવનમાં સહજતા અને જીવંતતા જોવા મળે છે. તે આપણને કર્મ, ધર્મ, નીતિ અને પ્રમાણિક જીવન જીવવાનો સંદેશ અર્પે છે. તે સમાજ અને દુનિયામાં સત્ય, પ્રેમ અને ભાઈચારાનું જીવવાનું શીખવે છે. તે સત્યને ધર્મ કહે છે. તે સૌના પથદર્શક, માર્ગદર્શક, મિત્ર છે. તે મનુષ્યને નિર્ભય બની સત્યના માર્ગે ધર્મમય જીવન જીવવાનું કહે છે. તે ચક્રધર પણ છે. તે જરૂર પડયે અધર્મીનો નાશ કરવા સુદર્શનચક્ર પણ ધારણ કરવાનું કહે છે. તેમને આંતક ફેલાવતા કાલીનાગ અને તેના સગામામા કંસનો પણ સંહાર કરવામાં સંકોચ કર્યો ન હતો.

સંબંધો જાળવવામાં અને કેમ જીવવું તે બાબતમાં એમની કોઇ બરાબરી ન કરી શકે. તેમને ગરીબ સુદામાને માગ્યા વગર મદદ કરી મિત્રતાને મહાનતા બક્ષી છે. ભરી સભામાં દ્રૌપદીના ચિરહરણ વખતે તેમણે દ્રૌપદીને અગણિત સાડીઓ સપ્લાય કરી તેમની લાજ રાખી હતી. માખણ ચોરવું, મટકી ફોડવી, કે રાસલીલા કરવી એ બધાની પાછળ નારીશક્તિને જાગૃત કરવાનો જ હેતુ હતો.

ગો એટલે ગાય. એનું સંવર્ધન એટલે ગોવર્ધનપૂજા. ગાયોની પૂજા અને રક્ષણ તથા સેવા કરવાથી પ્રજા સમૃધ્ધ બને છે એ વાત બાળકૃષ્ણએ સૌને સમજાવી છે. આમ તે કૃષિ અને ગોપાલનના ચાહક અને પ્રચારક પણ છે. આજે વિશ્વને એની જ વધુ જરૂર છે. કથાકાર હરિભાઈ કોઠારીએ લખ્યું છે કેઃ “શ્રીકૃષ્ણ એ પોતાના જીવન ભરનાર અને જીવનને રમત ગણનાર, કૃષ્ણની મસ્તી અનોખી છે. વાંસના સામાન્ય ટુંકડામાં સંગીત નિર્માણ કરનાર કૃષ્ણ આપણને ખાત્રી કરાવે છે કે માધુર્ય વાંસળીમાં નહીં, પરંતુ વગાડનારમાં છે.” આપણે ભગવાન શ્રીકૃષ્ણનું મહિમાગાન જેટલું કરીએ તેટલું ઓછું છે.

આમ, ભગવાન શિવ અને શ્રીકૃષ્ણ એ સર્વનું કલ્યાણ અને ભલાઈ કરનાર દેવ છે. તે આપણને ભક્તિ સાથે અન્યની ભલાઇ-મદદ કરવાનું પણ કહે છે. માણસ જો

એકબીજાને મદદ અને ભલાઇ કરતો રહે તો દુનિયાના અનેક દુઃખો ઘટી જાય. કોઇની ભલાઇ કરવી એ પણ એક પ્રકારની ઉત્તમ ભક્તિ છે. આપણે રોજિંદા જીવનમાં અનેક પ્રકારની ભલાઈ કરી શકીએ છીએ. કોઇક બેકારને કામ આપવું, કોઇકને સાચો રાહ બતાવવો, કોઇ રડતા બાળકને હસાવવા પ્રયત્ન કરવો, કોઇ ભૂખ્યાને અન્ન આપવું. કોઇ ગરીબને ભણવા માટે મદદ કરવી, કોઇકને દુઃખ અને નિરાશામાંથી બહાર લાવવો, કોઇકને સાચો સ્નેહ અર્પી જીવવા પ્રેરવો. આ બધા કાર્યો પ્રભુની ભક્તિ કર્યા સમાન છે. પૃથ્વી પર દરેકની મદદ કરવા ભગવાન આવી ન શકે, એ કામ માણસે જ કરવું પડે છે. લોકોને ભલાઇ કરનારમાં ભગવાનનો જ અંશ દેખાય છે. આપણે અર્પણ કરેલા પૈસા કે ભોગ ભગવાન સુધી પહોંચે એ પહેલા જ આપણે કરેલી ભલાઇ ભગવાન સુધી પહોંચી જાય છે. ભગવાન પણ ભલાઇને જ પોતાના ઉત્તમ પ્રકારની ભક્તિ માન છે. ભગવાન બુધ્ધ કહેતા કેઃ ‘‘ભલા બનો અને ભલું કરો’’. મનુષ્યે ભલાઇનું દરરોજ એક કામ તો કરવું જ જોઇએ, એટલે ઇશ્વર આપણા ઉપર રાજી રહે છે. જે ફૂલો વહેંચે છે તેના હાથમાં સુગંધ રહી જાય છે તેમ ભલાઇ કરનારનું જીવન પરોપકારની સુગંધથી મહેંકી ઉઠે છે. આપણે પણ આ પવિત્ર શ્રાવણ માસમાં પરોપકાર કાર્ય કરીએ, ભગવાનને ભજીએ અને ભલા બનવા પ્રયાસ કરીએ.

‘‘મનુષ્ય બીજા ઉપર ઉપકાર કરીને
પોતાને દેવતુલ્ય બનાવે છે.’’

— સિસેરો

‘‘જે બીજાને મદદ કરે છે, પ્રભુ તેના ઉપર પ્રેમ રાખે છે.’’

— સંત વાક્ય

‘‘જે પ્રભુની કૃપામાં સાચો વિશ્વાસ મુકે છે તેને માટે એ કૃપા અનંત વહેતી રહે છે.’’

— શ્રી માતાજી

**આપણે રોજિંદા જીવનમાં અનેક પ્રકારની ભલાઈ કરી શકીએ છીએ. કોઇક બેકારને કામ આપવું, કોઇકને સાચો રાહ બતાવવો, કોઇ રડતા બાળકને હસાવવા પ્રયત્ન કરવો, કોઇ ભૂખ્યાને અન્ન આપવું. કોઇ ગરીબને ભણવા માટે મદદ કરવી, કોઇકને દુઃખ અને નિરાશામાંથી બહાર લાવવો, કોઇકને સાચો સ્નેહ અર્પી જીવવા પ્રેરવો. આ બધા કાર્યો પ્રભુની ભક્તિ કર્યા સમાન છે.**

શ્વેત ક્રાંતિ

### ગુજરાતના મિલ્ક મેન : શ્વેતક્રાંતિના પિતામહ ત્રિભુવનદાસ પટેલની જીવનકથા

## જેમણે ઈ.સ. ૧૯૪૬માં ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો પાયો નાંખ્યો

દેશના મિલ્ક કેપિટલ તરીકે સુપ્રસિદ્ધ આણંદ ખાતે વિશ્વની સૌ પ્રથમ'ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટી'નો દેશના ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શિલાન્યાસ થયો. સહકારિતા એ ગુજરાતની દેશને ભેટ છે. આ ઉત્કૃષ્ટ પહેલથી સહકારી ક્ષેત્રના નવા યુગની શરૂઆત થશે જે સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે. દેશમાં સૌ પ્રથમ સહકારી ચળવળ ગુજરાતથી શરૂ થઈ અને સહકારી ચળવળના જન્મેલા પિતા શ્વેતક્રાંતિના અને સહકારી ક્ષેત્રના પિતામહ ગણાય છે. સૌ પ્રથમ સહકારી ડેરીની શરૂઆત ત્રિભુવનદાસ પટેલે કરી જે 'અમૂલ'ના નામે જાણીતી છે. તે પછી મહેસાણાના વતની માનસિંહભાઈ પટેલે મહેસાણામાં "દૂધ સાગર ડેરી" શરૂ કરી તે પછી ગલબાભાઈ પટેલે બનાસકાંઠામાં "બનાસ ડેરી"ની સ્થાપના કરી તે પછી ભૂરાભાઈ પટેલે સાબરકાંઠામાં 'સાબર ડેરી'ની શરૂઆત કરી. નોંધપાત્ર વાત એ છે કે આજે દિલ્હી વાસીઓ ગુજરાતની ડેરીઓનું દૂધ પીએ છે પરંતુ આજે ત્રિભુવનદાસ પટેલની વાત કરવી છે.

**દેવેન્દ્ર પટેલ**

ગુજરાતની ઓળખ ગાંધીજી છે. ગુજરાતની ઓળખ સરદાર છે. ગુજરાતની ઓળખ નરસિંહ મહેતા અને દયાનંદ સરસ્વતી પણ છે. ગુજરાતની ઓળખ સત્યાગ્રહ આશ્રમ છે. ગુજરાતની ઓળખ ઈસરો છે, તો ગુજરાતની ઓળખ 'અમૂલ' પણ છે. 'અમૂલ' એ ગુજરાતમાં સર્જાયેલી શ્વેતક્રાંતિનું પ્રતીક છે. આઝાદી બાદ દેશ વિકાસ માટે ઝઝૂમતો હતો ત્યારે ગુજરાતમાં ચરોતર તરીકે ઓળખાતા વિસ્તારમાં શ્વેતક્રાંતિનો પાયો નંખાયો.

આજથી ૫૦ વર્ષ પહેલાં મુંબઈથી ઊડી રહેલા સ્વિસ એરના વિમાનમાં પીરસાતા બ્રેકફાસ્ટમાં 'અમૂલ'નું બટર જોઈ ઘણાં આશ્ચર્ય પામતા. આવી વર્લ્ડ ક્લાસ પ્રોડક્ટ

'અમૂલ'ના સર્જનમાં જેમનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે તેમનું નામ છે ત્રિભુવનદાસ પટેલ. તેમનું આખું નામ ત્રિભુવનદાસ કીશીભાઈ પટેલ.

ગુજરાતે દેશને 'મહાત્મા' આપ્યા, 'સરદાર' આપ્યા અને ત્રિભુવનદાસ પટેલ જેવા સહકારી ચળવળના પિતા પણ આપ્યા. ભારતની આઝાદી બાદ પંડિત જવાહરલાલ નહેરુ જ્યારે રશિયાથી પ્રભાવિત હતા અને દેશમાં લોકતાંત્રિક સમાજવાદ લાવવા મોટાં મોટાં જાહેર ક્ષેત્રો ઊભાં કરવા માગતાં હતાં ત્યારે ગુજરાતના આણંદ નગરના વતની ત્રિભુવનદાસ પટેલે 'સહકારી' ક્ષેત્રને નવો જ ખ્યાલ આપ્યો, જે આજે ગુજરાતના અને દેશના પશુપાલકો માટે સુખ અને સમૃદ્ધિનું કારણ બની ચૂકયો છે.

**ત્રિભુવનદાસ પટેલ :** ત્રિભુવનદાસ કીશીભાઈ પટેલ (૨૨ ઓક્ટોબર, ૧૯૦૩-૩ જૂન,૧૯૯૪) ખેડા ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યૂસર્સ યુનિયનના સ્થાપક હતા. ઈ.સ. ૧૯૪૬ના વર્ષમાં તેઓએ આ દૂધ ઉત્પાદન તેમજ વેચાણના હેતુ માટે આ યુનિયનની સ્થાપના કરી હતી, જે સંસ્થા ભારત દેશના ગુજરાત રાજ્યના આણંદ જિલ્લાના તેમજ આણંદ તાલુકા મુખ્ય મથક આણંદ શહેર ખાતે આજે અમૂલના નામથી વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

**રાજ્યસભામાં ગયા :** ૧૯૪૦ સુધીમાં તેમણે સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં ખેડા જિલ્લામાં ખેડૂતો સાથે કામ કરવાનું શરૂ કર્યું. યુનિયનની સ્થાપના કર્યા બાદ ૧૯૫૦માં તેમણે વર્ગીસ કુરિયન નામના યુવાન મૅનેજરને નોકરીએ રાખ્યા. કુરિયનના વર્ષ ૨૦૦૫ સુધીના સહકારી ચળવળના સફળ નેતૃત્વના કારણે તેઓ અમૂલના પર્યાય બની ગયા.

**ગરીબો પ્રત્યે હમદર્દી :** આણંદમાં ખેડૂત કીશીભાઈ પટેલ અને માતા લખીબાના પરિવારમાં ૨૨ ઓક્ટોબર, ૧૯૦૩ના રોજ જન્મેલા ત્રિભુવનદાસ પટેલ બાળપણથી જ ખંતીલા, હોશિયાર અને ગજબની ગ્રહણશક્તિ ધરાવતા, વાંચેલું તરત યાદ રહેતું. નવું-નવું શીખવા કરવાની ધગશ જાણે ગળથૂથીમાં જ મળેલી, પ્રાથમિક શિક્ષણ નંદિની ધર્મશાળા આણંદ પ્રાઈમરી સ્કૂલ અને ત્યારબાદ ન્યૂ ઈંગ્લિશ સ્કૂલમાં જે આજની ડી. એન. હાઈસ્કૂલ સંસ્થામાં શિક્ષણ મેળવી વધુ અભ્યાસ માટે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. જ્યાં તેઓ મહાત્મા ગાંધીજીના સંપર્કમાં આવતા જ તેઓની વિચારસરણી,

ફિલોસોફીથી પ્રભાવિત થઈ સમાજના ગરીબ વર્ગ, દરિદ્રનારાયણો પ્રત્યે સહાનુભૂતિ પ્રગટી. ૧૯૧૮માં થામણા ગામના મોતીભાઈ પટેલના પુત્રી મણિબહેન સાથે તેઓનાં લગ્ન થયાં.

**સ્વતંત્રતા સંગ્રામમાં :** તેઓએ સ્વતંત્રતા સંગ્રામમાં મહાત્મા ગાંધી તેમજ સરદાર પટેલને અનુસરીને લડતમાં જોતરાતા સત્યાગ્રહી તરીકે તેઓ ૧૯૩૦, ૧૯૩૫ અને ૧૯૪૨ના વર્ષમાં જેલવાસ ભોગવ્યો હતો. તે દરમિયાન સરદાર પટેલના સંપર્કમાં આવ્યા બાદ તેમનામાં અસંગઠિત ખેડૂતો-પશુપાલકોની દયનીય હાલત પ્રત્યે અનુકંપા પ્રગટતા ૧૯૪૦ સુધીમાં સરદાર પટેલના માર્ગદર્શનમાં ખેડા જિલ્લાના ખેડૂતો સાથે કામ કરવાનું શરૂ કર્યું. એ સમયે બૃહદ ખેડા જિલ્લાના આણંદ નગરમાં ડેરી ઉધોગમાં ખાનગી માલિકીની પોલ્સન ડેરીનું એકહથ્થું શાસન પ્રવર્તતું હતું. જેમાં પશુપાલકોનું પારાવાર શોષણ થતું. ખેડૂતો-પશુપાલકોની દયનીય હાલત જોઈને તેઓનું સંવેદનશીલ હૃદય દ્રવી ઊઠતું.

**અમૂલની સ્થાપના કરી :** પોલ્સન ડેરીના એકહથ્થું શાસનને તોડવા તેઓએ ૧૪ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ-અમૂલની સ્થાપના કરી. ખેડૂતોને સહકારના એક સૂત્રે સાંકળવાના પ્રથમ પગરણ માંડ્યા. દરમિયાન શિષ્યવૃત્તિ ઉપર કેરળના કોઝીકોડીથી તાલીમ માટે આવેલા યુવાન ડો. વર્ગીસ કુરિયન તાલીમ પૂર્ણ કર્યા બાદ પોતાના માદરે વતન કેરળ ખાતે પરત ફરવાની ઝંખના સેવી રહ્યા હતા. ત્યારે ત્રિભુવનદાસે ડૉ. કુરિયનને અમૂલમાં મેનેજરપદની મહત્ત્વની જવાબદારી સોંપી. દક્ષિણ ભારતમાંથી એન્જિનિયરની ડિગ્રી લઈને આવેલા નવયુવાનની ચરોતરના સહકારી અગ્રણી ત્રિભુવનદાસ પટેલ સાથે થયેલી પ્રથમ મુલાકાત અમૂલના નિર્માણનું સુવર્ણપુષ્ઠ બની રહેશે તેનો કોઈને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે બંનેની મુલાકાત અમૂલના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઈ છે. જે આજે વિશ્વના ફલક ઉપર ટેસ્ટ ઓફ ઈન્ડિયાના બ્રાન્ડ નેમથી વટવૃક્ષ બનીને કરોડોના ટર્નઓવરે પહોંચ્યો છે.

**મેગ્સેસે અને પદ્મભૂષણ :** તેઓ પ્રદેશ કૉંગ્રેસ સમિતિના સચિવ-પ્રમુખ પીસીસી, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ કોંગેસ આઈ અને બે વખત રાજ્યસભામાં સભ્ય ૧૯૬૭-૧૯૬૮ અને ૧૯૬૮-૧૯૭૪ રહ્યા હતા. સામુદાયિક નેતૃત્વ માટે તેઓને ૧૯૬૩માં રોમન મેગ્સેસે એવોર્ડ અને ૧૯૬૪માં ભારત

સરકાર તરફથી 'પદ્મભૂષણ'થી નવાજ્યા હતા. જીવનભર ખેડૂતો-પશુપાલકો માટે કાર્યરત રહી આણંદમાં ત્રિભુવન ફાઉન્ડેશન સહિતની સમાજસેવી સંસ્થાઓ કાર્યરત કરી ૩ જૂન, ૧૯૯૪માં ૯૧ વર્ષની વયે વિરલ વિભૂતિ દુનિયાને કાયમ માટે અલવિદા કરી ગયા.

**ત્રિભુવનદાસ પટેલ એક સ્વપ્નદ્દષ્ટા હતા. તેઓ કહેતા હતા :** 'દેશ અને સમાજ તેનો ગમે તેટલો મોટો નેતા હોય પણ તેનું દિમાગ સંકીર્ણ હોય તો તે દેશને શક્તિશાળી બનાવી શકે નહીં, પરંતુ દેશનો નાનો પણ માણસ વિશાળ દૃષ્ટિવાળો હોય તો તે દેશને શક્તિશાળી બનાવી શકે.'

ત્રિભુવનદાસ પટેલની 'ઓપરેશનફ્લડ' યોજનાથી દૂધના ક્ષેત્ર જે ક્રાંતિ સર્જાઈ તે અભૂતપૂર્વ છે. આ યોજનાના કારણે જ ભારતનાં ગામડાં જીવી ગયાં. આજે 'અમૂલ'ની છત્રછાયા હેઠળ ૨.૮ મિલિયન દૂધ ઉત્પાદકો દૂધના ઉત્પાદનમાં વ્યસ્ત છે. અહીં રોજનું ૯.૧૦ મિલિયન ટન એકત્ર કરવામાં આવે છે જેની કુલ રકમ અમેરિકન ડૉલર પ્રમાણે ૨.૫ મિલિયન ડૉલર છે. અમૂલના કર્મચારીઓની સંખ્યા વિતરણ વિભાગમાં ૭૩૫ છે જ્યારે દૂધ ઉત્પાદકોને સાથે ગણતાં આ આંકડો ૨૮ લાખ લોકો જોડાયેલા છે.

**અમૂલ શબ્દ :** અમૂલ સંસ્કૃત શબ્દ અમૂલ્ય પરથી ઊતરી આવેલો શબ્દ છે. આ નામનું સૂચન આણંદના એક ગુણવત્તા પરીક્ષકે કર્યું હતું. એક સહકારી દૂધ મંડળી છે. જેની સ્થાપના ૧૯૪૬માં હતી. અમૂલ એ ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ લિ. (ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ) દ્વારા સંચાલિત એકબ્રાન્ડ છે. આ સંસ્થા સહકારી રીતે ૩૧ લાખ દૂધ ઉત્પાદન કરતાં લોકોની માલિકીની સંસ્થા છે.

**૪૦ દેશોમાં પ્રસાર :** સૌથી વધુ ડેરી પેદાશની નિકાસ માટે અમૂલ દેશમાં અગ્રેસર છે. અત્યારે અમૂલની બનાવટો વિશ્વના ૪૦ દેશોમાં ઉપલબ્ધ છે. હાલમાં અમૂલ વિવિધ પ્રકારની પેદાશો જેવી કે દૂધનો પાઉડર, પનીર, યુ.એચ.ટી., દૂધ, ઘી અને દેશી મીઠાઈ વગેરેની નિકાસ કરે છે. વિશ્વના મુખ્ય બજારોમાં અમેરિકા, વેસ્ટ ઈન્ડિઝ અને આફ્રિકા, ગલ્ફ પ્રાંત, સાર્ક અને પાડોશી દેશો સિંગાપોર, ફિલિપિન્સ, થાઈલેન્ડ, જાપાન અને ચાઈનાનો સમાવેશ કરી શકાય.

આ બધું સ્વપ્નદ્દષ્ટા ત્રિભુવનદાસ પટેલને આભારી છે.

માણસાઈનાદીવા

# પશુપાલકોને ત્યાં પ્રધાનમંત્રી પરોણાં

ચરોતરના એક નાના ગામમાં દેશના પ્રધાનમંત્રી આવે તે ઘટના અસાધારણ ગણાય. આ ઉપરાંત જયારે પ્રધાનમંત્રી ત્યાં રાત્રિ રોકાણ પણ કરે તે તો લગભગ આજના સંદર્ભમાં માન્યામાં ન આવે તેવી હકીકત છે. આમ છતાં ચરોતર (ખેડા તથા આણંદ જિલ્લાનો ભાગ)માં એક ખેડૂતને ત્યાં પ્રધાનમંત્રીએ રાત્રિ રોકાણ કર્યું તે હકીક્ત છે. અમૂલની સફળતાની ગાથાનું તે એક જીવંત ઉદાહરણ છે. ત્રિભોવનદાસ પટેલની ઊંડી કોઠાસૂઝ તથા ડો. વર્ગીસ કુરિયનની વહીવટી કાબેલીયત આ જવલંત અમૂલ ગાથાના મૂળમાં છે. સમગ્ર દેશમાં તથા એશિયા ખંડના કેટલાક દેશોમાં 'અમૂલ પેટર્ન'ને અનુસરીને દૂધ ઉત્પાદન તથા વિતરણ ક્ષેત્રે મહત્વના પગલાં ભરાયા છે.

આ સમગ્ર માળખું ઊભું કરવાનું સ્વપ્ન સરદાર પટેલે સેવ્યું હતું. ત્રિભુવનદાસ પટેલ જેવા દીર્ઘદ્રષ્ટા તેને વાસ્તવિકતા તરફ દોરી ગયા હતા. એ પણ એક ઐતિહાસિક ઘટના છે કે ભારતના બે પ્રધાનમંત્રીઓ - પંડિત નહેરુજી

વી.એસ. ગઢવી

તથા શાસ્ત્રીજી - એ આ પ્રોજેક્ટને મજબૂત કરવામાં પ્રેરણા તથા બળ આપ્યા હતા. તળ ધરતી સાથે જોડાયેલા વિનમ્ર પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીની ખેડા જિલ્લાના એક નાના ગામની મુલાકાત એ પણ એક જવલ્લેજ બને તેવી ઐતિહાસિક ઘટના છે.

અજરપુરા ગામના ખેડૂત તથા દૂધ ઉત્પાદક રમણભાઈ પટેલને એક દિવસ ડૉ. કુરિયને કહ્યું 'રમણભાઈ તમારે ત્યાં બે મહેમાન રોકાવાના છે. તેમના રહેવા-જમવાની વ્યવસ્થા તમારે કરવાની રહેશે.' જે અજાણ્યા મહેમાન આવવાના છે તેમના માટે - જમવાનું શું બનાવવું તે પ્રશ્ન પણ રમણભાઈએ ડૉ.કુરિયનને પૂછ્યો. જવાબ સ્પષ્ટ હતો : "તમે જે ખાતા હો તેવું જ બનાવજો ને!" કુરિયન સાહેબના આ જવાબથી રમણભાઈની અડધી ચિંતા ઓછી થઇ. આમ છતાં આ યજમાનના મનમાં એક વાત સતત ઘૂમરાતી રહી કે ખરેખર મહેમાન કોણ હશે? આમ થવું સ્વાભાવિક પણ હતું. મહેમાન આવવાના હતા તેના થોડા કલાકો પહેલા કુરિયન ફરી રમણભાઈના ઘરે ગયા. રમણભાઈને હવે સ્પષ્ટ જણાવવું જરૂરી હતું. આથી કુરિયન સાહેબે કહ્યું કે "રમણભાઈ,

તમારે ત્યાં દેશના પ્રધાનમંત્રી તથા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી મહેમાન થવાના છે.'' રમણભાઈ આ અસામાન્ય લાગે તેવી વાત સાંભળી મુંઝાઈ ગયા. કુરિયને સાંત્વના આપી અને પુનઃ વિશ્વાસ બંધાવ્યો કે કોઈ મુશ્કેલી નહિ પડે.

સાંજે પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રી અજરપુરા ગામમાં ફરતા હતા. (ઓક્ટોબર-૧૯૬૪) સરકારી સૂચનાઓનું પાલન પણ થાય તે રીતે ઓછામાં ઓછી સિક્યુરિટી સાથે આ ગોઠવાયું હતું. આવા જૂદા પ્રકારની વ્યવસ્થા કરવા અને ગામમાં જ ખેડૂતો સાથે રહેવા શાસ્ત્રીજીનો આગ્રહ હતો. તત્કાલીન મુખ્યમંત્રી બળવંતભાઈ મહેતાએ આથી ગૃહવિભાગને જરૂરી સૂચનાઓ આપી હતી. શાસ્ત્રીજીએ પૂરો રસ લઈને ગામના દરેક વિસ્તારમાં પગપાળા રાઉન્ડ લીધો. મહિલાઓને મળ્યા. લોકોને શાસ્ત્રીજીની નમ્રતા તથા સાદગી માટે અહોભાવ થયો. રમણભાઈને ત્યાં તેમના કુટુંબીજનો સાથે બેસીને રોટલા-શાકનું ભોજન કર્યું. રાત્રે મોડે સુધી જાગીને દૂધ સહકારી મંડળીની વ્યવસ્થાનું ઝીણવટથી અધ્યયન કર્યું. બહેનોને તેમની મહેનતના પ્રમાણમાં કેટલું વિશેષ આર્થિક વળતર મળે છે તેની ઝીણીમાં-ઝીણી વિગતો શાસ્ત્રીજી સમજ્યા. તેમને આ વ્યવસ્થાથી સંતોષ પણ થયો. કુરિયન તેમને બીજા દિવસે મળ્યા ત્યારે અમૂલ પેટર્ન વિશે ટેકનિકલ તથા નાણાકીય વિગતો સમજ્યા. 'જય જવાન જય કિસાન'નો નારો ગુંજતો કરનાર પ્રધાનમંત્રી પશુપાલકને કેન્દ્રમાં રાખી ઊભી થયેલી વ્યવસ્થાને પ્રમાણી શક્યા. ૧૯૬૪ના ડિસેમ્બરમાં પ્રધાનમંત્રીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓને પત્ર લખી આ કિસાનલક્ષી વ્યવસ્થા વિકસાવવા સૂચન કર્યું. નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (NDDB)ની સ્થાપના કરવાનો શકવર્તી નિર્ણય ખેડા જિલ્લાની શાસ્ત્રીજીની આ મુલાકાત પછી થયો. દેશ તે નિર્ણય માટે શાસ્ત્રીજીનો ઋણી રહેશે.

ખેડૂતો તેમજ દૂધ ઉત્પાદકોના આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને જે વ્યવસ્થા થઈ તેનાથી તેમને ફાયદો થયો. પરંતુ આવી વ્યવસ્થા અન્ય ખેત ઉત્પાદનોના સંદર્ભમાં ન થઈ શકી તેના કારણે આજે પણ ખેડૂતો આ ભાવ વધારા-ઘટાડાના વિષચક્રમાંથી બહાર આવી શક્તા નથી. છેલ્લા થોડા દિવસોના સમાચારોમાં શાકભાજી વગેરે જીવનજરૂરી ચીજોના ભાવ વધારા બાબતમાં સમાચારો પ્રસિધ્ધ થયા કરે છે. શાકભાજી કે ફળફળાદિના ભાવોમાં એકાએક જ વધારો થાય અને કેટલાક કિસ્સાઓમાં ઘટાડો પણ થાય તેનું રહસ્ય સામાન્ય ગ્રાહકોને પણ કદી

સમજમાં આવતું નથી. માત્ર બડબડાટ કરીને જનસામાન્ય આ સ્થિતિ સહન કરે છે. સીંગતેલમાં ભાવ વધારો થાય તો તેની સામેના દેખાવો ગુજરાતમાં પણ વર્ષો પહેલા થતા સૌએ જોયા છે. પરંતુ આજકાલ તેમ બનતું નથી. સામાજિક સ્તરે આપણે કદાચ એવું માનતા થઇ ગયા છીએ કે આ ભાવવધારાનું આ એક અનિવાર્ય વિષચક્ર છે જેના પરિણામ ગમા કે અણગમા સાથે પણ ભોગવવાના રહે છે. શાકભાજી કે કળફળાદિના ભાવોની વૃદ્ધિનો લાભ મહદઅંશે ઉત્પાદકોને મળતો નથી તે પણ સર્વે સ્વીકૃત હકીકત છે. ઉત્પાદકથી ઉપભોક્તા સુધી આ ચીજવસ્તુઓ પહોંચાડવાની વ્યવસ્થા કરતા વર્ગની એક ઉપયોગીતા તો છે જ. આ ઉપયોગીતાના કારણે તેમની અનિવાર્યતા ક્રમશઃ મજબૂત થતી રહી છે.

ભારતમાં મોટી સંખ્યામાં ખેડૂતો ખેતીના કામ સાથે સંકળાયેલા છે. આજે દેશ આઝાદ થયો તેના ૭૫ વર્ષ પછી પણ ખેડૂતોને ઉત્પાદન વૃધ્ધિ કર્યા બાદ પોષણક્ષમ ભાવ મળતા નથી. ડુંગળી અને બટાટા તેમ જ કપાસ પણ તેના નજર સામેના ઉદાહરણો છે. ટેકાના ભાવે ખરીદીને કારણે ખેડૂતોને રાહત મળે છે. પરંતુ આમ છતાં દૂધમાં જેમ મજબૂત થતાં સુગ્રથિત માળખું ઊભું થયું છે તેવી વ્યવસ્થા અન્ય ખેત પેદાશોના સંદર્ભમાં થઈ નથી. જે થવું જરૂરી છે. ઉત્પાદનમાં વૃધ્ધિ થાય તો તેની સામે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેવું સુદૃઢ માળખું તેનો એક માત્ર ઉપાય છે.



સહકારે સમૃદ્ધિ

# ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા આર્થિક સામાજિક વિકાસ

સમાજના આર્થિક સામાજિક વિકાસની વાત કરીએ તો સમાજ વિકાસની શરૂઆત નીચેથી એટલે કે આર્થિક સામાજિક પછાત વર્ગના વિકાસથી કરવી જરૂરી છે. આવા પછાત વર્ગનો વિકાસ થશે તો જ સમાજનો સમતોલ વિકાસ થશે. આ એવો વર્ગ છે કે જેમની પાસે નિયમિત આવક નથી. ખાસ કોઈ ધંધો નથી સ્વનિર્ભર નથી આવા લોકોની આર્થિક જરૂરિયાતો પૂરી પાડવા, તેમને બેન્કિંગ સેવાઓ પૂરી પાડવા કોઈને કોઈ સગવડતા હોય તો તે છે ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ. આપણે ત્યાં સરકારી બેંકો, ખાનગી બેંકો, સહકારી બેંકો વિગેરે ઘણી બેંકો છે. પરંતુ આ બેંકો આવા નાના વર્ગ સુધી પહોંચી શકતી નથી અથવા તો આવો નાનો વર્ગ બેંક સુધી પહોંચી શકતો નથી. બેંક માગે તેવા આધાર પુરાવા, મિલ્કત, જામીન કે મોટી ઓળખાણ આવુ કશુ જ હોતુ નથી તેમજ બેંકની લાંબી પ્રોસીઝરમાંથી પસાર થવું આવા લોકોને મુશ્કેલ પડે છે. આ પરિસ્થિતિમાં આવા લોકોને ફક્ત અને ફક્ત તેની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી જ મદદરૂપ થઈ રહી છે.

**પ્રોફે. ડી. બી. ગોટી**
ફેકલ્ટી મેમ્બર,
NICM, ગાંધીનગર

આપણે ત્યાં ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી જે નાના સેન્ટરમાં, નાના નગરમાં, શહેરના અમુક વિસ્તારમાં અને મોટાગામમાં કામ કરી રહી છે, એક સરખી જરૂરિયાત વાળા, અને એક સમાન આર્થિક સ્થિતિ વાળા માણસો એકઠા થઈને ક્રેડિટ સોસાયટી ઉભી કરે છે. એકદમ નાનાવર્ગથી લઈને એકદમ તવંગર માણસોની અલગઅલગ ક્રેડિટ સોસાયટી હોય છે. આવી ક્રેડિટ સોસાયટી કર્મચારીની હોય ખાસ પ્રકારના ધંધાર્થીઓની હોય, કોઈ ખાસ વર્ગ / જુથની હોય, કોઈ ખાસ વિસ્તારની હોય આમ અલગઅલગ ઘણાં પ્રકારની અને વિવિધ હેતુઓની ક્રેડિટ સોસાયટીઓ હોય છે, ક્રેડિટ સોસાયટીનું નેટ વર્ક ગામડાથી લઈને શહેર તેમજ નાના માણસથી લઈને મોટા માણસો સુધીનું હોય છે. આપણે ત્યાં આવી લગભગ ૬૪૦૦ ક્રેડિટ સોસાયટી અસ્તિત્વમાં છે.

ક્રેડિટ સોસાયટીના સભાસદોનો તેની સોસાયટી સાથેનો વહેવાર આત્મિયતા વાળો, વિશ્વાસુ અને ઘર જેવો વહેવાર હોય

છે. સભાસદોને સોસાયટી પ્રત્યે પોતીકાપણુ લાગે છે. માલિક તરીકેનો અહેસાસ થાય છે. આ સોસાયટી તેના સભાસદોમાટે બનેલી હોય છે. સભાસદોની હોય છે અને સભાસદોથી ચાલતી હોય છે. આ સોસાયટી સભાસદોની જરૂરિયાત પારખી શકે છે. સભાસદોની મુશ્કેલી સમજી શકે છે. સભાસદોના સંકટ સમયમાં સોસાયટી સભાસદની પડખે ઊભી રહે છે. ક્રેડિટ સોસાયટી તેના સભાસદો માટે નીચે મુજબ કામગીરી કરી રહેલ છે.

**શેર ભંડોળ :-**

ક્રેડિટ સોસાયટીમાં સભાસદ થવા માટે સોસાયટીના પેટાનિયમ મુજબ શેર ખરીદવાના હોય છે તેમજ લોન લેતી વખતે શેર કપાત થતી હોય છે આ રીતે શેર ભંડોળ ઊભું થતું હોય છે.

**બેંક કરજ :-**

ક્રેડિટ સોસાયટી તેની જરૂરિયાત મુજબ બેંક માંથી કરજ મેળવતી હોય છે. બેંકમાંથી મેળવેલ કરજ, થાપણ અને શેર ભંડોળ આ રીતે ભંડોળ ઊભું કરી આ ભંડોળ તેના સભાસદો માટે ધિરાણમાં વાપરે છે.

**થાપણ :-**

જે સભાસદો પાસે વધારાની ફાજલ રકમ લાંબા સમય સુધી પડી રહેતી હોય તેઓ આ રકમ તેની ક્રેડિટ સોસાયટીમાં થાપણ તરીકે મૂકી શકે છે. આમ સભાસદોને મોટી રકમ સાચવવાનું જોખમ રહેતુ નથી તેમજ આવી થાપણ ઉપર બેંક કરતા વધારે વ્યાજ મેળવે છે. એક સભાસદની થાપણ બીજા માટે ધિરાણમાં ઉપયોગમાં આવે છે. આમ, ક્રેડિટ સોસાયટીના માધ્યમથી એક સભાસદ બીજા સભાસદને ઉપયોગી નિવડે છે.

**બચત ખાતા ખોલવા :-**

સભાસદોના બચત ખાતા ખોલી જમા - ઉધારની સગવડતા પૂરી પાડે છે. સભાસદોમાં બચતની ભાવના ઊભી થાય છે, સભાસદોને નાણાંકીય જોખમ સાચવવું પડતુ નથી તેમજ આવી જમા રકમ ઉપર બેંકો કરતા વધારે વ્યાજ મળતુ હોય છે. સાથે સાથે સભાસદોને બેન્કિંગ વ્યવહારનો અનુભવ થાય છે

**ધિરાણ :-**

**(૧) સ્વરોજગારી ઊભી કરવા માટે ધિરાણઃ-**

સભાસદની આવડત, અનુભવ, કામ કરવાની ધગશ,ક્ષમતા અને સ્થાનિક શકયતા મુજબ વિવિધ વ્યવસાય ઊભો કરવા, વ્યવસાય વધારવા તેમજ નવી ટેકનોલોજી અપનાવવા ધિરાણ પૂરું પાડે છે. દા.ત. સિલાઈ મશીન, નીટીંગ મશીન, ખાખરા-પાપડ મશીન, અગરબત્તી વણવાનું મશીન, એમ્બ્રોડરી મશીન, બ્યુટીપાર્લર સાધનો, પેસેન્જર / લોડીંગ રીક્ષા, કોમ્પ્યુટર કલાસ, નાની નર્સરી, મિઠાઈ / ફરસાણ બનાવવાના સાધનો, આઈસ્ક્રીમ પાર્લર અન્ય ઘરગથ્થુ વ્યવસાય વિગેરે ધંધા માટે ક્રેડિટ સોસાયટી સરળતાથી ધિરાણ પૂરું પાડે

છે. જેના દ્વારા જરૂરિયાતમંદ સભાસદ ધંધો ઊભો કરી સ્વરોજગારી ઊભી કરે છે અને પોતાનું જીવન ધોરણ સુધારે છે.

**(૨) વ્યવહારિક કામકાજ માટેનું ધિરાણ :-**

બાળકોને ભણાવવા સ્કુલ / કોલેજની ફી ભરવી, બીમારી માટે સારવાર લેવી, ઊંચા વ્યાજના ખાનગી બોજામાંથી મુકત થવુ, ઘરમાં જરૂરી સાધન સામગ્રી વસાવવી, ઘર રીપેર કરવું, સામાજિક પ્રસંગો પાર પાડવા વિગેરે વ્યવહારિક કામકાજ માટે તેની ક્રેડિટ સોસાયટી સભાસદોને મદદરૂપ થઇ રહી છે.

**શેરભંડોળ ઉપર વળતર :-**

સભાસદોનું શેરભંડોળ તેની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાં હોય છે. આ સોસાયટી વર્ષ દરમ્યાન જે નફો કરે છે તેમાંથી નફાના પ્રમાણમાં સભાસદોના શેર ભંડોળ ઉપર ડિવિડન્ડ આપે છે. ધિરાણ ઉપર જે વ્યાજદર લેવામાં આવે છે તેના કરતા પણ વધારે દરથી ડિવિડન્ડ આપવાની ક્ષમતા ધરાવે છે.

**લોકર સુવિધા :-**

સભાસદના કિમતી પેપર્સ, દાગીના રોકડ રકમ વિગેરે સલામત રીતે સાચવવા માટે ક્રેડિટ સોસાયટી લોકર સુવિધા પૂરી પાડે છે.

**સાંસ્કૃતિક પ્રવૃતિ :-**

ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી તેના સભાસદોને પ્રોત્સાહિત કરવા તેમજ પરસ્પર એકબીજાથી વધુ નજીક લાવવા અને પારીવારીક સંબંધો કસાવવા જુદા જુદા પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો રાખે છે. દા.ત. રમતગમત હરિફાઈ, ગરબા હરીફાઈ ભણતા બાળકો માટે ઈનામ સ્કોલરશિપ, હાયર એજયુકેશન માટે શિબિર, મેડિકલ કેમ્પ, સરકારશ્રીની સહાય યોજનાની માહિતી શિબિર, નવા ગૃહ ઉદ્યોગ, કુટીરઉદ્યોગ સભાસદો અને તેના બાળકોના કૌશલ્ય વર્ધન માટે સ્થાનિક ચલણ મુજબ અને લોકોની રૂચી મુજબના સાંસ્કૃતિક પ્રોગ્રામો ગોઠવીને સભાસદોને પ્રોત્સાહિત કરે છે.

ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ જ એ હોય છે કે વિવિધ બચત યોજનાઓ દ્વારા સભાસદો પાસેથી બચત એકઠી કરવી અને જરૂરિયાતમંદ સભાસદોના આર્થિક સામાજિક વિકાસ માટે સરળ રીતે ધિરાણની સગવડો પૂરી પાડવી. ગુજરાતમાં ૧૯૬૧માં બહુ જુજ આવી મંડળીઓ હતી જે ૨૦૦૧માં ૪૯૨૮, ૨૦૧૦માં ૫૧૭૫, ૨૦૨૨ માં ૬૩૫૦ અને માર્ચ ૨૦૨૩ના અંતે ૬૪૦૫ આવી મંડળીઓ અસ્તિત્વમાં આવી છે. આમ મંડળીઓની સંખ્યા વધતી જાય છે સભાસદોનું કવરેજ વધતુ જાય છે. કામગીરી વધતી જાય છે પરિણામે જરૂરિયાતમંદ વર્ગના આર્થિક સામાજિક વિકાસ માટે ક્રેડિટ કો-ઓપ. સોસાયટી આધાર સ્થંભ બનીને ઊભી છે.

ગ્રાહક જોગ

# ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા નવી ડિજિટલ પદ્ધતિઓ અપનાવવી અનિવાર્ય

આજના માહિતી-સમૃદ્ધ યુગમાં, ગ્રાહકો પોતે ખૂબ જ અવાજ ઉઠાવે છે અને ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ પર પોતાનો અવાજ ઉઠાવે છે. આમ છતાં, કેટલાક લોકો છેતરપિંડી કરવાનું બંધ કરતા નથી અને તેમની સાથે વ્યવહાર કરવા માટે કાનૂની કડકતા જરૂરી છે. આ સંદર્ભમાં, એક સરળ રસ્તો એ હોઈ શકે છે કે ગ્રાહકની ફરિયાદ પર તપાસ શરૂ કરવામાં આવે અથવા અધિકારીઓ બજારમાંથી કોઈ માલ ખરીદે અને તેનું વજન અથવા માપ તપાસે.

૨૦૧૯માં, અગ્રણી ફેશન બ્રાન્ડ H&M ને સ્વેટરની સાઈઝ ૧.૨૨ મીટરને બદલે ૧૨૨ સેમી જાહેર કરવા બદલ ભારે કિંમત ચૂકવવી પડી હતી. જેના કારણે તેની સામે ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હતો. તેવી જ રીતે, બ્રિટાનિયા પર પણ બલ્ક બોક્સ પર ૧૨૦ N અથવા ૧૨૦ U ને બદલે '૧૨૦ પેક' લખવા બદલ મેટ્રોલોજી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. મધ્યપ્રદેશમાં ITC ને લેબલિંગ ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ છ વર્ષ સુધી કાનૂની લડાઈ લડવી પડી હતી કારણ કે તેણે તુવેર દાળના પેકેટ પર 'જ્યારે પેકડ' એક સરળ વાક્યનો ઉપયોગ કર્યો હતો, જે નિર્ધારિત ધોરણો હેઠળ આવતો ન હતો.

આ કેટલાક ઉદાહરણો છે જે મેટ્રોલોજી - કાયદાઓની જટિલતાને કારણે કાયદો અને વ્યવસ્થા પર બિનજરૂરી બોજ દર્શાવે છે. આનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે ફક્ત ૨૦૨૧-૨૨માં, બિનપ્રમાણિત વજન અને માપ માટે ૩૫,૮૪૦ કેસ નોંધાયા હતા.

મેટ્રોલોજી એક્ટનો મૂળ ઉદ્દેશ્ય ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાનો છે, જેથી માલનું વજન અને માપ યોગ્ય રીતે થાય. આ કાયદો ખાતરી કરે છે કે જ્યારે તમે કોઈ વસ્તુ ખરીદો છો, ત્યારે તમને પેકેજ પર દર્શાવેલ રકમ અથવા માપ મળે છે. પહેલાથી પેક કરેલા માલનું લેબલિંગ પણ આ કાયદા હેઠળ આવે છે. જેમ કે ઉત્પાદનનું નામ, વજન અને ઉત્પાદકની માહિતી વગેરે. આ કાયદા હેઠળ, વજન અને માપન સાધનોનું ઉત્પાદન, વેચાણ, આયાત અથવા સમારકામ કરતા વ્યવસાયો માટે પણ લાઈસન્સ મેળવવું ફરજિયાત છે. જો કોઈ વ્યવસાયનો કોઈ ખરાબ ઈરાદો ન હોય, તો પણ આ કાયદો વ્યવસાયો પર મોટો બોજ નાખે છે. અમે આ સંદર્ભમાં

કેટલાક પડકારો અને તેમના ઉકેલો રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રથમ, આપણી વર્તમાન લેબલિંગ આવશ્યકતાઓ અત્યંત જટિલ છે અને હાલના નિયમોમાં ખૂબ જ સૂક્ષ્મ સૂચનાઓ છે. ઉદાહરણ તરીકે, અંકોનું કદ, શબ્દોની ઊંચાઈ અને પહોળાઈ અને લેબલનું કદ વગેરે. આપણે અંકોના કદ, શબ્દોનું કદ, પેકેજિંગ કવરની ટકાવારી વગેરે સંબંધિત નિર્ધારિત આવશ્યકતાઓને બદલે વ્યવહારુ પરિમાણોનો ઉપયોગ કરવો જોઈએ.

ઉદાહરણ તરીકે, લેબલ સ્પષ્ટ રીતે ચિહ્નિત થયેલ હોવું જોઈએ, સ્પષ્ટ રીતે દશ્યમાન અને સરળતાથી વાંચી શકાય તેવું હોવું જોઈએ અને જો વિગતવાર માહિતીની જરૂર હોય, તો તેને ઝડપી પ્રતિભાવ એટલે કે કોડ સાથે લિંક કરી શકાય છે. આ કેટલાક ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો અને દવાઓમાં પણ કરવામાં આવે છે, જેથી ગ્રાહકોને સાચી માહિતી મળી શકે. બીજું, જે ઉત્પાદનો માટે મેટ્રિક સિસ્ટમનો સામાન્ય રીતે ઉપયોગ થતો નથી, તેમના માટે અન્ય ઉપયોગો સ્વીકારવા જોઈએ. આમ ન કરવાથી મૂંઝવણ થાય છે. ઉદાહરણ તરીકે, લેપટોપ અને મોબાઈલને કાયદા મુજબ સેન્ટિમીટરમાં માપવા જોઈએ, પરંતુ વલણ ઈંચમાં માપ આપવાનું છે.

આવી સ્થિતિમાં, જો કોઈ ઉત્પાદન સામાન્ય રીતે બિન-મેટ્રિક એકમોમાં માપવામાં આવે છે, તો તેનો ઉપયોગ કરવાની મંજૂરી હોવી જોઈએ. હાલમાં, કાનૂની મેટ્રોલોજી કાયદા હેઠળ નોંધાયેલા કુલ ઉલ્લંઘનોમાંથી લગભગ ૧૦ ટકા બિન-માનક એકમોના ઉપયોગ સાથે સંબંધિત છે, જે કાયદો અને વ્યવસ્થા પર બોજ પાડવાનું કામ કરે છે.

ત્રીજું, આ કાયદો હજુ પણ ઘણા ઉલ્લંઘનો માટે ફોજદારી દંડની જોગવાઈ કરે છે. આનાથી અધિકારીઓ અન્યાયી લાભ માટે દબાણ લાવી શકે છે અને વ્યવસાયો માટે મુશ્કેલીઓ વધે છે. તેથી, કાયદાના કોઈપણ ઉલ્લંઘનને ગુનાહિત જાહેર કરવું જોઈએ. જાહેર ટ્રસ્ટ કાયદાએ દંડનો અવકાશ મર્યાદિત કર્યો હોવા છતાં, નાના ગુનાઓમાં હજુ પણ એક વર્ષ સુધીની જેલની સજા છે.

ચોથું, હાલમાં કંપનીઓને વજન અને માપ માટે અલગ લાઈસન્સ મેળવવું જરૂરી છે, જે પહેલાથી જ જટિલ પ્રક્રિયાઓમાં વધારો કરે છે. દરેક રાજ્યના પોતાના નિયમો અને નિયમનો હોય છે અને ફરજિયાત BIS પ્રમાણપત્ર ધરાવતા ઉપકરણો માટે પણ લાઈસન્સ જરૂરી છે. દુકાનો અને સ્થાપના અધિનિયમ, ફેક્ટરી અધિનિયમ, GST અને અન્ય કાયદાઓ હેઠળ પહેલાથી જ નોંધાયેલા ઉત્પાદકોએ પણ અલગ 'પેકર/ઉત્પાદક' તરીકે નોંધણી કરાવવી પડે છે.

આર્થિક નીતિ

# વૈશ્વિક અર્થકારણમાં આર્થિક સક્ષમતા સામે પડકાર

પ્રત્યેક દિવસે નવા નવા અજંપાભર્યા સમાચાર આવે છે. અને લોકજીવનને પણ એ ગંભીર રીતે હાનિ કરતા હોય તેવુ જાણીને આઘાત પણ ઉદ્ભવે છે. અમેરિકામાં સતા પરિવર્તન છેલ્લું થયુ અને ડોનાલ્ડ ટ્રમ્પની નવી નવી નીતિઓ જાહેર થવા લાગી ત્યારથી વિશ્વના મોટા ભાગના દેશોની ચિંતામાં વધારો થઇ ગયો છે. દરેક રાષ્ટ્રનાં પોતિકા પ્રશ્નો હોય છે. જેમાં આર્થિક બાબતો પણ હોય તેને નિપટાવવાની પ્રક્રિયામાં પરિવર્તન કરવું જાણે કે ફરજિયાત થઇ ગયું હોય તેવો માહોલ હાલ જોવા મળે છે ! આયાત - નિકાસ, ટેરિફનાં દર, રોકાણો ઉપરનું વળતર, રોજગારી, મોંઘવારી, વૃધ્ધિદર, સામાજિક જીવન આ બધાને જબરી અસર થઇ રહી છે. આપણો વિકાસ દર પણ ઘટી રહ્યો છે. તેમાં હવે અમેરિકાની નીતિઓના કારણે આપણાં વ્યાપાર, ઉદ્યોગ, ધંધાને પણ અસર થઇ શકે તેવી સ્થિતિ જોવા મળે છે લોકોની બચતવૃત્તિ અને બચત શક્તિ ધોવાઇ ગયા છે કેમ કે ભાવવૃધ્ધિ અને બેકારી પણ અસર કરે છે તેવામાં વિદેશી નિવેશકો પોતાનું રોકાણ ભારતમાંથી પરત ખેંચી રહ્યા હોવાથી શેરબજારની હાલત પણ બગડી છે, આ બધું જોતા આગળનો સમય કેવો રહેશે તે ચિંતન કરવાનો મુદ્દો છે. ડિજિટલ ઇન્ડિયાનો વ્યાપ વધ્યા પછી ત્યાં ઝડપ સાથે સાઇબર ક્રાઇમ્સ વધતા જાય છે ૨૦૨૪ના એક જ વર્ષમાં ચાર ગણા આવા ક્રાઇમ્સ નોંધાયા છે તો બીજી તરફ બેન્કિંગ ક્ષેત્રમાં એન.પી.એ.થી મુક્તિ મળતી નથી. છેલ્લા ચાર વર્ષમાં કે.સી.સી. એન.પી.એ. ૪૨ ટકા વધ્યું તેવા પણ ન્યૂઝ જોયા !! નાના - સુક્ષ્મ-મધ્યમ ઔદ્યોગિક એકમોનું ધિરાણ ૧૮ ટકા વધ્યું પરંતુ કાર્યરત કંપનીઓનું દેવુ વધ્યુ સાથે યોગદાન ધાર્યા મુજબ મલ્યુ નથી. મેન્યુફેક્ચરિંગ સેક્ટર દબાણ હેઠળ છે. આપણી નિકાસો એટલી વધતી નથી તો બીજી તરફ આયાતો વધી રહી છે અને આ હેતુથી પ્રશ્ન ગંભીર થયેલો જોવા મળે છે ! આર્થિક દ્દષ્ટિએ દેવુ વધતુ જાય છે ત્યારે એ.આઇ.નાં આગમન પછી લોકોની

**પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી**
ફેકલ્ટી મેમ્બર
NICM, ગાંધીનગર
મો. ૯૯૨૪૫૪૯૭૪૯

રોજગારી ટકાવવા માટે પણ સવાલો ઊભા થવા જઇ રહ્યા છે. બજેટથી નાણાંની જોગવાઇઓ બહાર પાડીએ છીએ પરંતુ સેક્ટર વાઇઝ વાસ્તવિક સ્થિતિ શું છે તે વિશેની ચિંતા કરવાનો આ સમય છે. ઉત્પાદનો વેપાર અને સેવાના મૂલ્યોનો કુલ સરવાળો એ હોય છે. આપણો જી.ડી.પી. ત્યારે ભારતમાં આપણે આકલન કરતા રહી જરૂરી નાણાં હેતુ મુજબ ખર્ચાઇ રહ્યા છે તે સુનિશ્ચિત કરવું જ પડશે, ગુજરાતની અંદર વાઇબ્રન્ટ ગુજરાત હેઠળ જે કોઇ એમ.ઓ.યુ. થયા તે પૈકી શા માટે આંકડા મુજબ પરિણામ ના મળ્યું એ વિશે સર્વે કરીને સ્થિતિને સુધારવી જ પડશે. જેન્સ જ્વેલરીની નિકાસો ઘટી, ભાલિયા ઘંઉની સિઝનમાં તેનું ઉત્પાદન ઓછું થયું તો આ માટે ધનિષ્ઠ રીતે પ્રશ્નો ઉપર ધ્યાન આપવું પડશે, કાપડ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ, ઓટોમોબાઇલ્સ, બ્રાસ ઉદ્યોગ, સ્ટીલ ઉદ્યોગ વગેરે મુજબના સવાલોને ઉકેલવાથી જ સ્થિતિ સુધરશે આર્થિક દષ્ટિએ જો પરિવારો દેવામાં ધકેલાતા જ રહેશે તો સમાજ જીવનમાંથી નૈતિકતાનો કચ્ચરઘાણ વળી જશે. કૃષિક્ષેત્રના પુષ્કળ પ્રશ્નો છે જેથી અજંપો જોવા મળે છે તો મધ્યમ વર્ગ સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવી શકતા નથી. ગુજરાતમાં ધોરણ બાર પછી ૭૬ ટકા વિદ્યાર્થીઓ શિક્ષણ ત્યજી દે છે આ કેટલું ઉચ્ચિત છે ?? બેંકોની અંદરના સવાલો પણ છે; છતાં પાંચ દિવસના સપ્તાહની જાહેરાત થઇ કારણ કે પ્રત્યક્ષ શાખાનું કાર્યોમાં કમી આવી છે. જેના પાયામાં ડિજિટલ સિસ્ટમ હોવાનું અનુમાન છે, પરંતુ વસૂલાત લાવવામાં બેંકોને ઘણી સમસ્યા નડી રહી છે. આજના સમયમાં યોજનાના હેતુ બર લાવવા પડે રિયલ વિકાસને જગ્યા મળવી ખૂબ જ આવશ્યક છે. સરકારના હેતુઓ ખૂબ ઉમદા છે પણ છિંડાઓ મૂકવા પડે એમ છે. સમાજ જીવનમાં લોકોને હળવાશનો અનુભવ કરાવવા માટે જાગૃતિ લાવવી પડે એમ છે.

**શેર આસ્વાદ**

ભીતરમાં જ જોવાથી ઓળખ મળી ગઇ
અરીસા ઉપરથી ભરોસા ઉતારો !!

**આર્થિક દષ્ટિએ જો પરિવારો દેવામાં ધકેલાતા જ રહેશે તો સમાજ જીવનમાંથી નૈતિકતાનો કચ્ચરઘાણ વળી જશે. કૃષિક્ષેત્રના પુષ્કળ પ્રશ્નો છે જેથી અજંપો જોવા મળે છે તો મધ્યમ વર્ગ સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવી શકતા નથી. ગુજરાતમાં ધોરણ બાર પછી ૭૬ ટકા વિદ્યાર્થીઓ શિક્ષણ ત્યજી દે છે આ કેટલું ઉચ્ચિત છે ??**

યોગદર્શન

# અષ્ટાંયોગ અને સામાયિક પ્રતિક્રમણ

અષાઢ સુદથી જૈન ધર્મના ચાતુર્માસનો શુભારંભ થાય છે. પર્વાધિરાજ પર્વ સમુ પર્યુષણ પર્વ પણ આ ચાતુર્માસ દરમ્યાન ઉજવાય છે. સંવતસરીનું મહાપ્રતિક્રમણ કરીને પાપથી નિવૃત થઈ સૌ એકબીજાને મન, વચન, કર્મથી કોઈ જીવને દુભાવ્યા હોય તો સાચા અંતઃકરણથી માફી માગી... મિચ્છામી દુક્કડમ કરવામાં આવે છે. ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યાયમાં સામાયિક, પ્રતિક્રમણ, આલોયણા-આલોચનાની મહત્તા ગૌતમ સ્વામીને સમજાવતા જણાવ્યું છે કે, "હે ગૌતમ! શત્રુ કે મિત્ર તરફ, મહેલ કે મસાણમાં સામ્યભાવરૂપ સામાયિક કરનાર જીવને સંપૂર્ણ પાપજનક યોગોનો ત્યાગ થાય છે; અતઃ નવીન કર્મનો બંધ થતો નથી અને પૂર્વકર્મોની નિર્જરા થાય છે; કમશઃ સમસ્ત કર્મોની શીઘ્ર નિર્જરા થઈ મોક્ષ પ્રાપ્ત થાય છે... પ્રતિક્રમણ કરવાથી વ્રતના અતિચારો રુંધાય છે. વળી જેણે વ્રતના છિદ્રો ઢાંકયા છે એવો જીવ આશ્રવને રુંધનાર થાય છે અને આશ્રવ રુંધવાથી અસબલ-નિર્મળ ચારિત્રવાન થાય છે તથા પાંચ સમિતિ અને ત્રણ ગૃપ્તિરૂપ આઠ પ્રવચન માતાને વિષે ઉપયોગવંત તથા સંયમના યોગથી અભિન્ન તથા સંયમયોગને વિષે સારી રીતે સાવધાન થઈ શ્રાવકો વિચરે છે... આલોચના કરવાથી જીવ મોક્ષમાર્ગના વિઘાતક અને અનંત સંસાર વધારવાવાળા માયા, નિદાન અને મિથ્યાદર્શનરૂપ ત્રણે શલ્યોને આત્મામાંથી દૂર કરે છે. સરળ ભાવને આત્મા પ્રાપ્ત કરે છે. સરળ ભાવને પ્રાપ્ત થયેલ જીવ માયારહિત થાય છે. માયારહિત થવાથી સ્ત્રીવેદ અને નપુંસકવેદનો બંધ કરતો નથી અને કદાચ પહેલાં બંધાઈ ગયા હોય તો તેની નિર્જરા કરે છે."

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

તન,મનની મલિનતા દૂર કરવા જૈન શાસ્ત્રોમાં સામાયિક, ચતુર્વિંશતિસ્તવન, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન આ છ અવશ્ય કરવા યોગ્ય છે તેથી તેને આવશ્યક કહ્યા છે. આ દરરોજ કરવા યોગ્ય નિત્યકર્મ છે. સામાયિક એટલે શુભ વિચાર કે મંગલ ભાવનાનું રોજિંદા આચરણમાં રૂપાંતર કરવાની પ્રક્રિયા. સામાયિકનો ઉદેશ શમ, સમતા અને સમભાવ કેળવવાનો છે. સામાયિકમાં બાહ્યદષ્ટિનો ત્યાગ કરી આંતરદષ્ટિ

ખીલવવામાં આવે છે. સામાયિક સમસ્ત આધ્યાત્મિક સાધનાઓની આધારશિલા છે. ચોથું આવશ્યક છે પ્રતિક્રમણ. પ્રતિક્રમણ એટલે પાપમાંથી પસ્તાવો અને પ્રાયશ્ચિત કરી પાછા ફરવું. પ્રમાદવશ શુભ પ્રવૃત્તિથી વિચલિત થઈને અશુભ પ્રવૃત્તિ પ્રાપ્ત થયા બાદ ફરી શુભ પ્રવૃત્તિને પ્રાપ્ત કરવી એટલે પ્રતિક્રમણ. જે દરરોજ દિવસનાં અંત ભાગે સુર્યાસ્ત સમયે અને રાત્રિના અંત ભાગે સુર્યોદય પહેલા એમ બે વાર કરવામાં આવે છે. આ ઉપરાંત, મહિનામાં બે વાર અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસોએ પાક્ષિક, પ્રત્યેક ચાર માસ બાદ કાર્તિકી પૂર્ણિમા, ફાલ્ગુની પૂર્ણિમા અને અષાઢી પૂર્ણિમાના દિવસોએ ચાર માસના પાપોની આલોચના કરવામાં આવે છે. અને પ્રત્યેક વર્ષ પ્રતિક્રમણકાલીન અષાઢ શુદ પૂર્ણિમાથી પચાસ દિવસ બાદ ભાદ્રપદ શુક્લ પંચમીના દિવસે આખાય વર્ષના પાપોની આલોચના કરવામાં આવે છે. આમ, દેવસિય, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરી એમ કુલ પાંચ પ્રકારના યથાકાળ પ્રતિક્રમણ કરીને પાપોની આલોચના કરી તનમનને શુધ્ધ કરવામાં આવે છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચતુર્વિધ સંઘને માટે સામાયિક વિહીત છે. સામાયિકથી રાગ અને દ્વેશ દૂર થાય છે અને સમભાવ કેળવાય છે. સામાયિકથી શમ, પ્રશમ સુખ સાંપડે છે. આત્માની કર્મસહિત અવસ્થા દૂર થઈ કર્મરહિત અવસ્થા પ્રાપ્ત કરી શકાય છે. સમ એટલે સમભાવ. સંસારના ઈષ્ટ-અનિષ્ટ, પ્રિય-અપ્રિય, રાગ-દ્વેશ જેવા પદાર્થો પરથી આસક્તિ ચાલી જાય અને વિતરાગતા, મધ્યસ્થતા જગાડે તે સામાયિક. સમનો એક અર્થ છે દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યનો સમન્વય. સમ્યક દર્શનનું પ્રાગટ્ય, સમ્યકજ્ઞાનની પ્રાપ્તિ અને સમ્યકચારિત્ર્ય જેનાથી સાંપડે તે સામાયિક. જિન પ્રવચનનો સાર છે સમતા અને સમતાની સાધના તે સામાયિક. ધર્મક્રિયા મહત્તા અને વ્યાપકતા સામાયિક શબ્દના આ અનેકવિધ અર્થગાંભીર્યમાંથી જ પામી શકાય છે. સામાયિક એ જૈન ધ્યાન પ્રણાલીનું ઝળહળતું શિખર છે. સામાયિક એ આવશ્યક યોગક્રિયા છે. જે ચિત્તવૃત્તિનિરોધ કરીને સમત્વ સાધી આરાધકને આત્મદર્શન કરાવે છે અને વ્યક્તિનો પૂર્ણ વિકાસ કરીને જીવાત્માને પરમાત્મા બનાવે છે. અડતાલિસ મિનિટની સામાયિકમાં ગૃહસ્થ સંસાર વ્યવહાર ત્યજી સાધુ જેવું આચરણ કરે છે. પરંતુ આ અડતાલીસ મિનિટનું સામાયિક તો અંતરયાત્રાનું પ્રથમ સોપાન છે.

વિજ્ઞાન જે પ્રયોગશાળામાં સિદ્ધ કરે છે તે અધ્યાત્મ એના આર્ષદર્શનથી પ્રગટ કરે છે. આજના જગતમાં હૃદય રોગ, બ્લડપ્રેશર, અનિંદ્રા, માનસિક તનાવ જેવી બિમારીઓને

આધિ, વ્યાધિ અને ઉપાધિથી ગ્રસ્ત માનવચિત્તના માર્ગે થઈને માનવ શરીર પર અંકુશ મેળવ્યો છે. આવા બ્લડપ્રેશર કે ટેન્શન સામેનો અમોઘ ઉપાય તે સામાયિક છે. ૨૦૧૯માં સમગ્ર સંસાર કોરોના વાયરસની મહામારીથી સપડાયો ત્યારે યોગ પ્રાણાયામ માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં કારગર અને ધ્યાન પ્રાણાયામ યોગ ચિત્તને શાંત રાખવામાં સહાયક પૂરવાર થયેલ છે.વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા (WHO), સરકારના આયુષ મંત્રાલય અને તજજ્ઞ તબીબો દ્વારા પણ કોરોના મહામારીમાં તનમનને સ્વસ્થ અને ચિંતામુક્ત રાખવા માટે ક્સરત, આસન, યોગ, પ્રાણાયામ કરવાની ભલામણ કરે છે.

સામાયિક, પ્રતિક્રમણમાં પણ એક પ્રકારે પ્રાણાયામની પ્રક્રિયા થાય છે. 'સમ' એટલે મિત્રતા કે બંધુત્વ અને જગતના સર્વ જીવો પ્રત્યે વિશ્વબંધુત્વ ભાવના જગાવે તે સામાયિક. છ આવશ્યકની પ્રક્રિયા સાથે યોગાસનોને સરસ રીતે વણી લેવાયા છે. સામાયિક અને પ્રતિક્રમણ કરવાથી મનની શુધ્ધિ સાથોસાથ વંદના, ઉત્કુટાસન, વજ્રાસન, પદ્માસન, કાયોત્સર્ગ વગેરે આસનોની ગૂંથણીથી શરીર શુધ્ધ થઈ જાય છે. સામાયિક પ્રતિક્રમણમાં આસનોને કઈ રીતે વણી લેવાયા છે તે જોઈએ. સામાયિક ગ્રહણ કરતી વખતે પ્રારંભે ગુરુદેવને અને ગુરુદેવ બિરાજમાન ન હોય તો સીમંધર સ્વામીને ત્રણ વંદના કરવામાં આવે છે. આ ત્રણ વંદનાની વિધિ સૂર્યનમસ્કારને મળતી જ પ્રક્રિયા છે. ત્યાર બાદ ડાબો ઢીંચણ ઊભો રાખી અને જમણો પગ વાળીને જમીન સાથે રાખી 'નમોત્થુણં' બોલવામાં આવે છે. જેમાં અર્ધવજ્રાસન થાય છે. જે પેટ સંબંધી બીમારીના નિવારણમાં સહાયક બને છે અને પાચનક્રિયાને મજબૂત કરે છે. સામાયિકમાં પદ્માસન કે પદ્માસનમાં બેસવાનું હોય છે. સામાયિક પૂર્ણ થતા પણ ફરી નમોત્થુણં અને વંદનાની વિધિ કરવાની હોય છે. આમ, સામાયિક દરમ્યાન સૂર્યનમસ્કાર, વંદના, પદ્માસન, વજ્રાસન અને અર્ધવજ્રાસન જેવા આસનોથી શરીરનું સ્વાસ્થ્ય જળવાય છે.

જો શક્ય હોય તો પ્રતિક્રમણ ઊભા રહીને કરવું જોઈએ. પ્રતિક્રમણ કરવાના સમયે બિરાજમાન સાધુ-સાધ્વીજીઓને અથવા તેઓ બિરાજમાન ન હોય તો શ્રી સીમંધર સ્વામીને તિક્ખુત્તોના પાઠ સાથે ત્રણ વાર ગુરુવંદના કરી પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકની આજ્ઞા માંગવાની હોય છે. તે પછી પદ્માસનમાં બેસી ચઉવીસત્થો આવશ્યક એટલે કે ચોવીસ તીર્થકરોની સ્તુતિ-લોગસ્સ વિધિ કરવાની થાય છે. ત્યાર પછી ઉભડક - ઉત્કટુક આસને બેસીને ત્રીજી વંદના આવશ્યક બે વાર બોલવાની હોય છે. ફરી ત્રણ વંદના કરી ચોથા આવશ્યકની આજ્ઞા માંગી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ

વિષેના અતિચાર આલોવવાના હોય છે. પ્રતિક્રમણના પાઠ ૬ થી ૨૧ કર્યા પછી જમણો ઢીંચણ ઊંચો-ઊભો રાખી,ડાબો ઢીંચણ ધરતીને સ્થાપીને, બંને હાથ જોડી,મસ્તકે અંજલી આપીને-અર્ધવજાસાનમાં માંગલિકનો પાઠ બોલવાનો હોય છે. ભૂમિ ઉપર બંને ઢીંચણ ઢાળીને હાથની કોણીઓ નાભીએ અડાડીને, બંને હાથ જોડી સ્થિર ચિત્તે-વજાસનમાં શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધ ભગવંતોને, શ્રી કેવળી ભગવંતોને, શ્રી ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને, સાધુ-સાધ્વીજીઓને, શ્રાવક-શ્રાવિકાજીઓને એમ છ ખામણા બોલવાથી ચોથો આવશ્યક સમાપ્ત થાય છે. તે પછી ઊભા થઈને સવિધિ વંદના કરીને પ્રતિક્રમણના પાંચમા આવશ્યકની આજ્ઞા માંગવાની હોય છે.

અને તે પછી કયોત્સર્ગ જિનમુદ્રા-સિદ્ધસ્થિતિમાં ઊભા રહી ચાર લોગસ્સ બોલી તીર્થંકરોની સ્તુતિ કરવાની હોય છે. કાયા અને ઉત્સર્ગથી બનેલા શબ્દ કાયોત્સર્ગનો અર્થ થાય છે કાયાનો ત્યાગ કરવો. પ્રતિક્રમણ કર્યા પછી સાધક અમુક સમય સુધી પોતાના શરીરને વોસિરાવી જિનમુદ્રામાં ઊભા રહેવાનું હોય છે. તે સમયે તે સંસારના બાહ્ય પદાર્થો કે શરીરના મમત્વમાં રહેતો નથી અને બાહ્ય દૃષ્ટિને સંકેલી લઈ કેવળ આત્મસ્વરૂપમાં લીન થઈ અંતર્મુખ થઈ જાય છે. કાયોત્સર્ગ એટલે વિચારોમાંથી મુક્ત થઈ નિર્વિચારની પરમાવસ્થાએ પહોંચી પરમાનંદની અનુભુતિ કરવી ! ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ સતાવધાની શ્રીમદ રાજચંદ્રની કાયોત્સર્ગ મુદ્રા ઘણી જાણીતી છે .

જીવ, જગત અને ઈશ્વર સંબંધે દર્શનશાસ્ત્રો માર્ગદર્શન આપે છે. વિશ્વમાં અનેક દર્શનશાસ્ત્રો છે ભારતમાં જ ૯૯૭ જેટલાં દર્શનો છે. દર્શનશાસ્ત્રો આત્મા, પરમાત્મા અને બ્રહ્માંડના સ્વરૂપને સમજાવે છે. ભારતમાં વૈશેષિકદર્શન, ન્યાયદર્શન, સાંખ્ય દર્શન, યોગદર્શન, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા, ચાર્વાકદર્શન, જૈનદર્શન અને બૌદ્ધદર્શન મુખ્ય છે. એમાં, યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં આત્મા અનાત્માના વિવેકને પામવાની પદ્ધતિ બતાવવામાં આવી છે. આ પદ્ધતિના આઠ પગથિયાં છે. જેમાં, યમ, (નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ આઠ અંગોવાળી પદ્ધતિ હોવાથી તે અષ્ટાંગયોગ તરીકે પણ સુવિખ્યાત છે. સામાયિક પ્રતિક્રમણ વિધિ સાથે અષ્ટાંગયોગની પદ્ધતિનું સરસ સમન્વય થયેલ છે.

અષ્ટાંગયોગનું પહેલું પગથિયું યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહનું પાલન કરવું, અને નિયમ એટલે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર

પ્રણિધાન. એટલે કે જીવનમાં એકાદશવ્રતનું આચરણ, પાલન કરવાનું છે. આસન શરીરને સ્વસ્થ, સુદઢ અને સબળ બનાવે છે, તો વજાસન, પદ્માસન, કાયોત્સર્ગ ધ્યાન માટેના આસનો છે. સવાસન, મકરાસન, બાલકાસન શરીરને તનાવમુક્ત કરી આરામ આપે છે. શરીરને સુખ આપે અને લાંબા સમય સુધી સ્થિરતા રહે તેવા આસનમાં બેસી આપણાં સ્વાચ્છોશ્વાસનું નિરીક્ષણ અને નિયમન કરતાં કરતાં મનને વિચારમુક્ત કરી ધ્યાનાવસ્થાએ પહોંચાય છે. નિયમિત અભ્યાસથી, નિદિધ્યાસનથી નિર્વિચારાવસ્થાએ પહોંચી શકાય. જેને સિધ્ધ સ્થિતિ પણ કહે છે. આમ, નિયમિત સામાયિક પ્રતિક્રમ કરવાથી સર્વે જીવોની ક્ષમાયાચના, પાપોની આલોચના અને અષ્ટાંગયોગથી શરીર મનની તંદુરસ્તી જળવાય છે.

જૈન દર્શનમાં ઘણી જ વિશદતાથી ધ્યાનની ચર્ચા કરવામાં આવી છે. પ્રકૃતિ અનુસાર ધ્યાનના શુભ અને અશુભ એમ બે ભેદ છે. શુભ ધ્યાનમાં ધર્મધ્યાન તથા શુક્લધ્યાન જયારે અશુભ ધ્યાનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એમ કુલ ચાર પ્રકારે ધ્યાનની ચર્ચા છે.ચિત્ત દુઃખથી પીડિત એટલે આર્તધ્યાન, ચિત્તમાં હિંસકભાવો જાગે તે રૌદ્રધ્યાન, જયારે ચિત્તમાં ચારિત્રના વિચારોનુ ચિંતન ચાલે તે ધર્મધ્યાન અને ચિત્ત ઉજ્જવળ આત્મપરિણામોવાળુ બને તે શુકલધ્યાન છે. જૈનાચાર્યાએ ધ્યાનનો અર્થ ચિતનું એકાગ્રીકરણ માન્યું છે. તત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિએ ધ્યાનની પરિભાષા 'એકાગ્રચિન્તારોધો ધ્યાનમ્' કરી છે. આવશ્યક નિર્યુક્તિ ચિત્તને કોઈ એક લક્ષ પર સિધ્ધ કરવું એને ધ્યાન માન્યું છે. તત્ત્વાનુશાસનમાં ચિત્તને વિષય વિશેષ પર કેન્દ્રિત કરવાને ધ્યાન માને છે. મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં 'યોગઃ ચિત્ત વૃત્તિ નિરોધઃ' એટલે કે ચિત્તને અનેકવિધ તરંગો ધારણ કરતું અટકાવવાને યોગ કહે છે. યોગ એટલે આત્માનું પરમાત્મા સાથે મિલન. યોગદર્શનમાં મનની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ર એમ પાંચ અવસ્થાઓ અને પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિંદ્રા અને સ્મૃતિ એમ પાંચ પ્રકારે વૃત્તિની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે .

સામાયિક અને પ્રતિક્રમણની ક્રિયામાં ધીમે ધીમે વૃત્તિઓથી ચિત્તને શુધ્ધ કરતાં કરતાં ચિત્તની એકાગ્રતાવસ્થાએ એટલે કે ધ્યાનાવસ્થાએ પહોંચવાનું છે. અને એ ધ્યાનાવસ્થા પછી આત્મશક્તિનું પ્રગટીકરણ થાય છે. યોગદર્શન પણ આજ વાત કરે છે. ચિત્તની વૃત્તિઓને શાંત કરતાં કરતાં સમાધિપદ સુધી પહોંચવું... ઓમ... ઓમ...

કૃષિ વિકાસ

# આધુનિક કૃષિ ટેકનોલોજી હાઇડ્રોપોનિક્સ

**Introduction (પ્રસ્તાવના)**

આબોહવા પરિવર્તન, તાજા પાણીની અછત અને વધતી જતી ખાદ્ય માંગની તાકીદની જરૂરિયાતને પહોંચી વળવા માટે હાઇડ્રોપોનિક્સ (પોષણયુક્ત પાણી દ્વારા થતી ખેતી) એ એક માટી વિનાની ખેતી ટેકનોલોજી, સ્થાનિક સ્તરે ઉચ્ચ ગુણવત્તાવાળા, સ્વસ્થ, તાજા, શાકભાજી અને ફળો પૂરા પાડનારી કૃષિ ટેકનોલોજી છે. આ ટેકનોલોજી નાના જમીન ધરાવતા ખેડૂતો માટે સુસંગત બને છે જેમને આ ટેકનોલોજીનો લાભ મળશે, જે તેમને દર વર્ષે તેમની જમીનમાંથી વધુ પાક ઉત્પન્ન કરવામાં મદદ કરશે, ખાસ કરીને જ્યારે કિંમતો વધુ હોય છે જેમકે બિન-મોસમમાં.

આ પ્રકારની પાક ઉત્પાદન પ્રણાલીને નફાકારક કૃષિ-ઉદ્યોગ તરીકે અપનાવી શકાય છે, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં.

**ડૉ. ફાલ્ગુની આર. પટેલ**
અધ્યાપક,
ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,
અમદાવાદ

ગ્રીનહાઉસ એ પ્લાસ્ટિક અને જાળીથી ઢંકાયેલ G.I (ગેલ્વેનાઈઝ્ડ આયર્ન) અથવા સ્ટીલ પાઈપથી બનેલું માળખું છે, જેનો ઉપયોગ નિયંત્રિત પર્યાવરણીય પરિસ્થિતિઓમાં પાક ઉત્પાદન માટે થઈ શકે છે. ગ્રીનહાઉસની અંદર, વર્ષભર મુખ્યત્વે શાકભાજી અને ફૂલોના ઉચ્ચ ગુણવત્તાવાળા પાક ઉત્પાદન બનાવવામાં અને જાળવવામાં આવે છે.

### How can farming be done using hydroponics technology?

### (હાઇડ્રોપોનિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ખેતી કેવી રીતે કરી શકાય ?)

માટીનો ઉપયોગ કરવાને બદલે, હાઇડ્રોપોનિક્સ ખેતીમાં પોષક તત્વોથી ભરપૂર પાણીના દ્રાવણમાં છોડ ઉગાડવાનો સમાવેશ થાય છે, જેમાં છોડોનાં મૂળ પાણીમાંથી સીધા પોષક તત્વો મેળવી શકે છે. સ્ટ્રોબેરી જેવા ફળો અને લેટીસ (કોબીજ જેવું પાનવાળું), ટામેટાં અને પાંદડાવાળા શાકભાજી હાઇડ્રોપોનિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવે છે.

## Key differences between hydroponics and traditional farming

## હાઈડ્રોપોનિક્સ અને પરંપરાગત ખેતી વચ્ચેના મુખ્ય તફાવતો

| વિશે | હાઈડ્રોપોનિક્સ | પરંપરાગત ખેતી |
|---|---|---|
| વાવણી માધ્યમ | જમીન વિના, પાણી અને પોષક તત્વોથી વાવેતર | કુદરતી જમીન પર આધારિત ખેતી |
| પાણીનો ઉપયોગ | ૯૦% સુધી ઓછું પાણી વપરાય છે (પુનઃચક્રિત થાય છે) | વધુ પાણી વપરાય છે અને વપરાશમાં નુકસાન |
| જમીન જરૂરિયાત | ઓછી જગ્યામાં શક્ય છે, ઊભી ખેતી પણ શક્ય | વધારે જમીનની જરૂર હોય છે |
| વૃદ્ધિ દર | ઝડપી વૃદ્ધિ, પોષક તત્વો સીધા જ મૂળ સુધી પહોંચે છે | ધીમો વૃદ્ધિ દર, જમીન પર આધારિત પોષણ |
| ઉત્પાદન માત્રા | એક જ ક્ષેત્રફળે વધુ ઉત્પાદન | સરેરાશ ઓછું ઉત્પાદન |
| નીંદણ અને જીવાત નિયંત્રણ | ઓછા પેસ્ટીસાઈડ્સની જરૂર પડે છે | વધારે રાસાયણિક દવાઓની જરૂર પડે છે |
| મોસમ આધારિતતા | વર્ષભર ઉત્પાદન શક્ય | મોસમ અને હવામાન પર આધારિત |
| પર્યાવરણ પર નિયંત્રણ | પ્રકાશ, તાપમાન, પીએચ વગેરે પર સંપૂર્ણ નિયંત્રણ | કુદરતી પરિસ્થિતિઓ પર આધારિત |
| મજૂરી અને જાળવણી | ટેકનિકલ જ્ઞાન જરૂરી, મેન્યુઅલ કામ ઓછું | વધારે મજૂરી જરૂરી, ખાસ કરીને મોટું ખેતી ક્ષેત્ર |
| પ્રારંભિક ખર્ચ | શરૂઆતમાં ખર્ચાળ (ઉપકરણો, ટેક્નોલોજી) | ઓછી શરૂઆતની મૂડી, પણ લાંબા ગાળે ખર્ચ વધુ થઈ શકે |
| ટકાઉપન | વધુ ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ | જમીન ક્ષય, પાણી પ્રદૂષણ વગેરેનો ખતરો |
| સ્થાનની લવચીકતા | ઘર, શહેરમાં પણ ઉગાડી શકાય | ફક્ત યોગ્ય જમીન અને હવામાનવાળા વિસ્તારોમાં શક્ય |

### Types of hydroponic systems (હાઈડ્રોપોનિક સિસ્ટમ્સના પ્રકારો)

- **ન્યુટ્રિઅન્ટ ફિલ્મ ટેકનિક (NFT):** આ સિસ્ટમમાં, પોષક તત્વોથી ભરપૂર પાણીની પાતળી ફિલ્મ છોડના મૂળ ઉપર ઢાળવાળી ચેનલોમાં સતત વહે છે.
- **ડીપ વોટર કલ્ચર (DWC):** છોડને જાળીના વાસણોમાં ઉગાડવામાં આવે છે અને તેમના મૂળ ઓક્સિજનયુક્ત, પોષક તત્વોથી ભરપૂર પાણીના જળાશયમાં ડૂબી જાય છે.
- **ટપક સિસ્ટમ:** એક પંપ ઉત્સર્જકો દ્વારા વ્યક્તિગત છોડને પોષક દ્રાવણ પહોંચાડે છે, જેનાથી પાણીનું ચોક્કસ નિયંત્રણ થાય છે.
- **એરોપોનિક્સ:** છોડના મૂળને હવામાં લટકાવવામાં આવે છે અને સમયાંતરે પોષક દ્રાવણના બારીક ઝાકળથી છંટકાવ કરવામાં આવે છે, જેનાથી મહત્તમ ઓક્સિજનનો સંપર્ક થાય છે.

### Popular crops for hydroponic farming (હાઈડ્રોપોનિક ખેતી માટે લોકપ્રિય પાકો)

I. **પાંદડાવાળા લીલા શાકભાજી:** લેટીસ (કોબીજ જેવું પાનવાળું), પાલક

II. **(હર્બ્સ) જડીબુટ્ટીઓ:** તુલસી, ફુદીનો, ધાણા, સુંગધી પાનવાળી વિલાયતી વનસ્પતિઓ

III. **ફળદાયી શાકભાજી:** ટામેટાં, કાકડી, મરી

IV. **ફળો:** સ્ટ્રોબેરી

V. માઈક્રોગ્રેન્સ (બે પાનવાળા ધરું જેમાં પ્રોટીનની માત્રા વધારે હોય છે)

### Advantages of hydroponics technology (હાઈડ્રોપોનિક્સ ટેકનોલોજીના ફાયદા)

- પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં અથવા જ્યાં પાણીના સ્ત્રોત ઓછા હોય ત્યાં છોડ ઉગાડવાની હાઈડ્રોપોનિક્સ ટેકનોલોજી એક અદ્ભૂત રીત છે. આ ખાસ કરીને એવા શહેરોમાં મદદરૂપ થાય છે જ્યાં જમીન મર્યાદિત છે.
- નાના ગ્રીનહાઉસમાં, છત પર અથવા વેરહાઉસમાં હાઈડ્રોપોનિક સિસ્ટમ્સ મૂકી શકો છો. આનાથી ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ખોરાકની ખેતી શક્ય બને છે જ્યાં પરંપરાગત ખેતી શક્ય નથી.
- હાઈડ્રોપોનિક્સ સામાન્ય રીતે નિયંત્રિત જગ્યામાં થાય છે, તેથી જંતુઓ અને રોગો પ્રમાણભૂત ખેતી કરતા ઘણા ઓછા જોવા મળે છે. આનાથી

જંતુનાશકો અને અન્ય રાસાયણિક સારવારની જરૂરિયાત નોંધપાત્ર રીતે ઓછી થાય છે. હાઈડ્રોપોનિક ખેતી સ્વચ્છ, રસાયણમુક્ત ખોરાક ઉત્પન્ન કરીને પર્યાવરણને ફાયદો પહોંચાડે છે.

### Disadvantages of hydroponics technology (હાઈડ્રોપોનિક્સ ટેકનોલોજીના ગેરફાયદા)

- આ સિસ્ટમ સેટ કરવામાં ઘણા પૈસા ખર્ચ થાય છે, જે હાઈડ્રોપોનિક ખેતીની મુખ્ય સમસ્યાઓમાંની એક છે. લાઈટ્સમાં ઉછેરવું, પંપ, પોષક તત્વો પહોંચાડવાની સિસ્ટમ્સ, પાણીનું સ્તર અને તાપમાન નિયંત્રણ સિસ્ટમ્સ જેવા સાધનોનો ઘણો ખર્ચ થઈ શકે છે. આ પ્રારંભિક ખર્ચને કારણે નવા અથવા નાના પાયે ખેડૂતોને શરૂઆત કરવામાં મુશ્કેલી પડી શકે છે.
- નિયમિત ખેતીની સરખામણીમાં, હાઈડ્રોપોનિક ખેતી માટે વધુ તકનીકી જ્ઞાનની જરૂર પડે છે. ખેડૂતો પોષણ તત્વોનું મિશ્રણ અને દેખરેખ રાખવામાં, સ્થિર pH સ્તર (એસિડિક કે બેસિક) જાળવવામાં, પાણીનું તાપમાન નિયંત્રિત કરવામાં અને સિસ્ટમ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં નિપુણ હોવા જોઈએ.
- જો તમારી પાસે પૂરતી તાલીમ કે અનુભવ ન હોય તો ભૂલો થાય છે જે પાકને નુકસાન પહોંચાડી શકે છે અથવા ઉત્પાદન ઓછું થઈ શકે છે. હાઈડ્રોપોનિક સિસ્ટમોને શ્રેષ્ઠ કામગીરી સુનિશ્ચિત કરવા માટે નિયમિત જાળવણીની પણ જરૂર પડે છે.
- હાઈડ્રોપોનિક સિસ્ટમ માટે વીજળી આવશ્યક છે કારણ કે તે પાણીના પંપ, લાઈટ અને અન્ય મહત્વપૂર્ણ સાધનોને શક્તિ આપે છે. થોડા સમય માટે પણ વીજળી જવાથી પાકને નુકસાન થઈ શકે છે. જો છોડને પૂરતું પાણી, પોષક તત્વો અથવા પ્રકાશ ન મળે તો તે મરી શકે છે અથવા ધીમે ધીમે વિકાસ કરી શકે છે. વીજળી બંધ થવાથી હાઈડ્રોપોનિક્સને નુકસાન થઈ શકે છે, ખાસ કરીને અસ્થિર પાવર ગ્રીડવાળા વિસ્તારોમાં. બેકઅપ પાવર સિસ્ટમ્સ રાખવાથી અથવા ઊર્જા મેળવવાના અન્ય રસ્તાઓ શોધવાથી આ જોખમ ઘટાડવામાં મદદ મળી શકે છે.

### ટકાઉ ખેતી તરીકે હાઈડ્રોપોનિક્સ ટેકનોલોજી (Hydroponics technology as Sustainable Farming)

હાઈડ્રોપોનિક્સ પરંપરાગત કૃષિના ટકાઉ વિકલ્પ તરીકે વધુને વધુ સફળતા મેળવી

રહી છે. તે પાણીનું સંરક્ષણ કરીને, જમીનનો ઉપયોગ ઘટાડીને, જંતુનાશકોનો ઉપયોગ ઘટાડીને અને શહેરી ખેતીને સક્ષમ બનાવીને ટકાઉ ખાદ્ય ઉત્પાદનમાં ફાળો આપે છે. જો કે, વ્યાપક અપનાવવા અને લાંબા ગાળાની ટકાઉપણું માટે ઊર્જા વપરાશ, કચરા વ્યવસ્થાપન અને કુશળ શ્રમની જરૂરિયાત જેવા પડકારોનો સામનો કરવો મહત્વપૂર્ણ છે.

હાઇડ્રોપોનિક્સ ટેકનોલોજી બાગાયતી પાક માટે અસંખ્ય ફાયદાઓ પ્રદાન કરે છે, જેમાં ઝડપી વૃદ્ધિ, ઉચ્ચ ઉપજ અને સંસાધન વપરાશમાં ઘટાડો શામેલ છે. ઓટોમેશન, નવીનીકરણીય ઊર્જા અને ટકાઉ સામગ્રીમાં પ્રગતિ સતત હાઇડ્રોપોનિક્સને વધુ સુલભ, કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ બનાવી રહી છે.

## Conclusion (નિષ્કર્ષ)

હાઇડ્રોપોનિક્સ ખેતી પાક ઉગાડવા માટે ખૂબ જ કાર્યક્ષમ અને ટકાઉ પદ્ધતિ રજૂ કરે છે, જે પાણી સંરક્ષણ, ઝડપી છોડ વૃદ્ધિ અને મર્યાદિત જગ્યા વાળા શહેરી વિસ્તારોમાં ઉગાડવાની ક્ષમતા જેવા ફાયદા પ્રદાન કરે છે. તે જંતુનાશકો અને માટી સંબંધિત રોગોની જરૂરિયાતને પણ ઘટાડે છે. જો કે, સફળતાપૂર્વક કાર્ય કરવા માટે તેને નોંધપાત્ર પ્રારંભિક રોકાણ, તકનિકી કુશળતા અને વિશ્વસનીય વીજ પુરવઠાની જરૂર પડે છે.

કોઈપણ ખેતી તકનિકની જેમ, હાઇડ્રોપોનિક્સ ટેકનોલોજી તેના પડકારોના સમૂહ સાથે આવે છે. તે બધા પ્રકારના પાક માટે યોગ્ય ન હોઈ શકે, અને પાક નિષ્ફળતાઓને રોકવા માટે પોષક તત્વો અને વધતા વાતાવરણનું કાળજીપૂર્વક સંચાલન જરૂરી છે. જો તમે માળખાગત સુવિધાઓમાં રોકાણ કરવા અને જરૂરી કુશળતા પ્રાપ્ત કરવા તૈયાર છો, તો હાઇડ્રોપોનિક્સ એક લાભદાયી, ઉચ્ચ-ઉપજ આપતી ખેતી ઉકેલ પ્રદાન કરી શકે છે જે ટકાઉ ખાદ્ય ઉત્પાદનને ટેકો આપે છે.





જાગરૂકતા

# સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સની અસરો

સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ આજના ડિજિટલ યુગમાં માનવ જીવનનો અભિન્ન હિસ્સો બની ગયા છે. ફેસબૂક, ટ્વિટર (હવેનું નામ-X), ઈન્સ્ટાગ્રામ, લિંક્ડઈન, અને વોટ્સએપ જેવી પ્લેટફોર્મ્સે વૈશ્વિક સ્તરે લોકોને એકબીજા સાથે જોડવામાં અભૂતપૂર્વ ફેરફારો લાવ્યા છે. આ ટેકનોલોજીએ સંચાર, માહિતીનું આદાન-પ્રદાન, અને સમાજની સંરચનામાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. જોકે, આ પ્લેટફોર્મ્સની સારી અને ખરાબ બંને અસરો છે, જે આપણા વ્યક્તિગત, સામાજિક અને માનસિક જીવન પર પડે છે. આ લેખમાં, આપણે સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સની સકારાત્મક (સારી) અને નકારાત્મક (ખરાબ) અસરો વિગતવાર ચર્ચીશું.

- **સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સની સકારાત્મક(સારી) અસરો નીચે મુજબ છે.**

**અંકિત યુ. ભટ્ટ**
સી.ઈ.આઈ.
શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી
વ્યવસ્થાપન કેન્દ્ર,
નારી, જિ. ભાવનગર

**૧. વૈશ્વિક સંચાર અને જોડાણ**

સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સે દુનિયાને એક ગામમાં ફેરવી દીધું છે. લોકો હવે મિત્રો, પરિવાર અને સાથીદારો સાથે દૂર રહીને સંપર્કમાં રહી શકે છે, ભલે તેઓ ગમે તેટલા દૂર હોય. વિડિયો કોલ, ચેટ અને ગ્રૂપ વાર્તાલાપ જેવી સુવિધાઓએ સંચારને સરળ અને ઝડપી બનાવ્યો છે. ઉદાહરણ તરીકે, વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓ અથવા પ્રવાસીઓ તેમના પરિવાર સાથે વોટ્સએપ કે ફેસબૂક દ્વારા સતત જોડાયેલા રહી શકે છે.

**૨. માહિતીનું આદાન-પ્રદાન અને શિક્ષણ**

સોશિયલ મીડિયા એ માહિતીનો Aesops Fables ભરેલો ખજાનો છે. યુટ્યુબ, લિંક્ડઈન અને અન્ય પ્લેટફોર્મ્સ શૈક્ષણિક સામગ્રી, ટ્યુટોરિયલ્સ અને ઓનલાઈન કોર્સિસની એક્સેસ આપે છે. વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો આ પ્લેટફોર્મ્સ દ્વારા નવી કુશળતા શીખી શકે છે. ઉદાહરણ તરીકે, X પર ચાલતી શૈક્ષણિક ચર્ચાઓ અને નિષ્ણાતોના ટ્વીટ્સ નવી માહિતીનો સ્ત્રોત બની શકે છે.

**૩. વ્યવસાય અને માર્કેટિંગની તકો**

સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સે નાના અને મોટા વ્યવસાયો માટે એક શક્તિશાળી

માર્કેટિંગ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબૂક જેવા પ્લેટફોર્મ્સ દ્વારા ઉદ્યોગપતિઓ તેમના ઉત્પાદનો અને સેવાઓનો પ્રચાર કરી શકે છે. આ ખાસ કરીને નાના વ્યવસાયો અને સ્ટાર્ટઅપ્સ માટે ફાયદાકારક છે, જેઓ ઓછા ખર્ચે મોટા ગ્રાહકો સુધી પહોંચી શકે છે. વધુમાં, લિંક્ડઈન જેવી સાઈટ્સ વ્યાવસાયિક નેટવર્કિંગ અને જોબ ઓપોર્ચ્યુનિટીઝ માટે ઉપયોગી છે.

**૪. સામાજિક જાગૃતિ અને આંદોલનો**

સોશિયલ મીડિયા સામાજિક મુદ્દાઓ પર જાગૃતિ ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. MeToo, Black Lives Matter અને Climate Changes જેવા આંદોલનોએ સોશિયલ મીડિયા દ્વારા વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું છે. આ પ્લેટફોર્મ્સ લોકોને તેમના અભિપ્રાયો વ્યક્ત કરવા અને સામાજિક ફેરફારો માટે ભેગા થવા માટે પ્રોત્સાહિત કરે છે.

**૫. સર્જનાત્મકતા અને સ્વ-અભિવ્યક્તિ**

સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ લોકોને તેમની સર્જનાત્મકતા દર્શાવવા માટે એક મંચ આપે છે. ફોટોગ્રાફી, લેખન, આર્ટ, અને મ્યુઝિક જેવી કળાઓ ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને ટિકટોક જેવા પ્લેટફોર્મ્સ પર શેર કરી શકાય છે. આનાથી ઘણા લોકોની પ્રતિભા વૈશ્વિક સ્તરે પહોંચે છે, અને કેટલાકે તો આ પ્લેટફોર્મ્સ દ્વારા કારકિર્દી બનાવી છે.

- **સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સની નકારાત્મક (ખરાબ) અસરો**

**૧. માનસિક સ્વાસ્થ્ય પર અસર**

સોશિયલ મીડિયાનો અતિરેક ઉપયોગ માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરી શકે છે. સતત સરખામણી, ઓનલાઈન ટ્રોલિંગ અને ફોમો (Fear of Missing Out) ની લાગણીઓ ચિંતા, ડિપ્રેશન અને ઓછી આત્મસન્માનનું કારણ બની શકે છે. ખાસ કરીને યુવાનો, જેઓ ઈન્સ્ટાગ્રામ પરની ''પરફેક્ટ'' જીવનશૈલીઓથી પોતાની સરખામણી કરે છે, તેઓ માનસિક દબાણ અનુભવે છે.

**૨. ગોપનીયતાનો ભંગ**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વ્યક્તિગત માહિતીનો દુરુપયોગ થવાનો ખતરો રહેલો છે. ડેટા લીક, હેકિંગ અને ગોપનીયતા નીતિઓના ઉલ્લંઘનના કિસ્સાઓ ઘણીવાર સામે આવે છે. ઉદાહરણ તરીકે, ફેસબુકનો કેમ્બ્રિજ એનાલિટિકા કૌભાંડએ ગોપનીયતા સંબંધિત ચિંતાઓને ઉજાગર કરે છે.

**૩. સમયનો બગાડ અને વ્યસન**

સોશિયલ મીડિયાનું વ્યસન એક મોટી સમસ્યા બની રહી છે. લોકો, ખાસ કરીને

યુવાનો, કલાકો સુધી સોશિયલ મીડિયા પર સ્ક્રોલિંગ કરવામાં વિતાવે છે, જેનાથી ઉત્પાદકતા, અભ્યાસ અને વ્યક્તિગત સંબંધો પર અસર પડે છે. આ વ્યસન ઊંઘની ગુણવત્તા અને શારીરિક સ્વાસ્થ્ય પર પણ અસર કરી શકે છે.

**૪. ખોટી માહિતી અને ફેક ન્યૂઝ**

સોશિયલ મીડિયા ખોટી માહિતી અને ફેક ન્યૂઝ ફેલાવવાનું માધ્યમ બની શકે છે. અફવાઓ, ભ્રામક સમાચાર અને પ્રોપેગન્ડા ઝડપથી વાયરલ થઈ શકે છે, જે સમાજમાં ગેરસમજણો અને તણાવ પેદા કરે છે. ખાસ કરીને રાજકીય અને આરોગ્ય સંબંધિત મુદ્દાઓ પર આવી માહિતી નુકસાનકારક હોઈ શકે છે.

**૫. સાયબરબુલિંગ અને ઓનલાઈન હેરેસમેન્ટ**

સોશિયલ મીડિયા પર સાયબરબુલિંગ અને ઓનલાઈન હેરેસમેન્ટના કિસ્સાઓ વધી રહ્યા છે. ટ્રોલિંગ, નફરતભર્યા કોમેન્ટ્સ અને ઓનલાઈન હુમલાઓથી લોકોની માનસિક અને ભાવનાત્મક સ્થિતિ પર ગંભીર અસર પડી શકે છે. ખાસ કરીને ટીનએજર્સ અને યુવાનો આનો શિકાર બની શકે છે.

- **સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સની સંતુલિત ઉપયોગની જરૂર**

સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સના ફાયદા અને ગેરફાયદા બંને છે, અને તેનો ઉપયોગ સંતુલિત રીતે કરવો જરૂરી છે. નીચેના પગલાંઓથી નકારાત્મક અસરો ઘટાડી શકાય છે :

- સમય મર્યાદા નક્કી કરોઃ સોશિયલ મીડિયા પર વિતાવવાનો સમય મર્યાદિત કરો જેથી વ્યસન ટળે.
- ગોપનીયતા સેટિંગ્સનો ઉપયોગ : તમારા એકાઉન્ટ્સની ગોપનીયતા સેટિંગ્સને યોગ્ય રીતે ગોઠવો.
- વિશ્વસનીય સ્ત્રોતોની ચકાસણી : માહિતી શેર કરતા પહેલા તેની સત્યતા ચકાસો.
- ડિજિટલ ડિટોક્સ : સમયાંતરે સોશિયલ મીડિયાથી બ્રેક લો અને વાસ્તવિક જીવનની પ્રવૃત્તિઓ પર ધ્યાન આપો.

- **સારાંશ**

સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સે આપણું જીવન સરળ, જોડાયેલું અને માહિતીથી ભરપૂર બનાવ્યું છે, પરંતુ તેની સાથે જોડાયેલી નકારાત્મક અસરોને અવગણી શકાય નહીં. આ પ્લેટફોર્મ્સનો સભાન અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. જેથી તેના ફાયદાઓનો મહત્તમ લાભ લઈ શકાય અને ગેરફાયદાઓ ઘટાડી શકાય. આખરે, સોશિયલ મીડિયા એ એક શક્તિશાળી સાધન છે, જેનો ઉપયોગ આપણે કેવી રીતે કરીએ છીએ તેના પર તેની અસરો નિર્ભર છે.

પર્યાવરણ

# વિશ્વમાં વધતી ગરમી-ઘટતા પાકો, વધુ ઉપજની ગેરંટી આપતા સંશોધનાત્મક ઉપાયો જરૂરી

વૈજ્ઞાનિકોએ એવી પણ આગાહી કરી છે કે ગરમ થતી દુનિયામાં મધ્ય અને ઉચ્ચ અક્ષાંશવાળા પ્રદેશોમાં પાકની વિશાળ શ્રેણી ઉગાડવામાં સક્ષમ હોઈ શકે છે. અભ્યાસના વરિષ્ઠ લેખક મેટ્ટી કુમ્મુ કહે છે કે વાતાવરણમાં અનુકૂળ ફેરફારો વધુ ઉપજની ગેરંટી આપતા નથી. વાતાવરણમાં પરિવર્તન કેટલાક સ્થળોએ ઉત્પાદનમાં વધારો કરી શકે છે, પરંતુ ગરમીના કારણે નવી જીવાત પણ પેદા થઈ શકે છે અને હવામાનની આત્યંતિક ઘટનાઓ પણ સર્જાઈ શકે છે.

ગ્લોબલ વોર્મિંગ વિશ્વમાં પાકની વિવિધતા ઘટાડી શકે છે. એક નવા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જો વૈશ્વિક તાપમાન૧.૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ વધે છે, તો વિશાળ વિસ્તારો પાકની વિવિધતા ગુમાવી શકે છે, જેનાથી વિશ્વભરમાં ખાદ્ય સુરક્ષા માટે જોખમ ઊભું થઈ શકે છે.

સંશોધકોનો અંદાજ છે કે ઊંચા તાપમાનને કારણે વૈશ્વિક ખાદ્ય ઉત્પાદનનો લગભગ એક તૃતીયાંશ ભાગ જોખમમાં મૂકાઈ શકે છે. ફિનલેન્ડની આલ્ટો યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ નેચર ફૂડમાં એક સંશોધન પ્રકાશિત કર્યું છે; જેમાં તાપમાન, વરસાદની પેટર્ન અને એકંદર શુષ્કતામાં ફેરફાર વિશ્વભરના ૩૦ મુખ્ય ખાદ્ય પાકોના વિકાસને કેવી રીતે અસર કરશે તેની તપાસ કરવામાં આવી છે.

સંશોધન પરિણામો દર્શાવે છે કે નીચા અક્ષાંશવાળા પ્રદેશો, ખાસ કરીને ઉષ્ણકટિબંધીય દેશોના મોટા ભાગો, સૌથી વધુ અસરગ્રસ્ત થવાની સંભાવના છે. જેમ જેમ તાપમાન વધશે, તેમ તેમ આ પ્રદેશોમાં ઘણી જમીન ખેતી માટે અયોગ્ય બનશે. ઉગાડી શકાય તેવા પાકોની વિવિધતામાં પણ તીવ્ર ઘટાડો થશે. વિવિધતાના નુકસાનનો અર્થ એ છે કે કેટલાક પ્રદેશોમાં ખેતી માટે ઉપલબ્ધ ખાદ્ય પાકોની શ્રેણી નોંધપાત્ર રીતે ઘટી શકે છે, એમ અભ્યાસનું નેતૃત્વ કરનાર સંશોધક સારા હેઈકોનેને જણાવ્યું હતું. આનાથી ખાદ્ય સુરક્ષામાં ઘટાડો થશે અને પૂરતી કેલરી અને પ્રોટીન મેળવવાનું વધુ મુશ્કેલ બનશે.

આ બદલાતી પરિસ્થિતિઓ વિશ્વના વર્તમાન ખાદ્ય પાક ઉત્પાદનના અડધા ભાગને અસર કરી શકે છે. ચોખા, મકાઈ,

ઘઉં, બટાકા અને સોયાબીન જેવા મુખ્ય પાકોને યોગ્ય ખેતીલાયક જમીનમાં ભારે ઘટાડોનો સામનો કરવો પડી શકે છે. આનાથી રોજિંદા પોષણ માટે આ પાક પર આધાર રાખતા લોકો માટે પડકારો વધી શકે છે. ઘણા અન્ય પાકો પણ સંવેદનશીલ છે, જેમાં અનાજ અને કઠોળ તેમજ ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં ઉગાડવામાં આવતા મૂળ પાકનો સમાવેશ થાય છે. ઓછી આવક ધરાવતા વિસ્તારોમાં ખાદ્ય સુરક્ષા માટે રતાળુ જેવા મૂળ પાક મહત્વપૂર્ણ છે. સહારા રણની દક્ષિણે આવેલા આફ્રિકાના દેશો સૌથી વધુ પ્રભાવિત થશે. જો ગ્લોબલ વોર્મિંગ ઝડપથી વધી જાય, તો આ દેશોમાં વર્તમાન ઉત્પાદનનો લગભગ ત્રણ-ચતુર્થાંશ ભાગ જોખમમાં મૂકાશે. ગ્લોબલ વોર્મિંગની અસર દરેક જગ્યાએ સમાન નહીં હોય. નવો અભ્યાસ નીચા અક્ષાંશો અને મધ્યમથી ઉચ્ચ અક્ષાંશો (વિષુવવૃત્ત અને ધ્રુવીય પ્રદેશો વચ્ચે ગરમ અને ઠંડા આબોહવા ધરાવતા વિસ્તારો) વચ્ચે સ્પષ્ટ તફાવત દર્શાવે છે. જ્યારે વિષુવવૃત્તની નજીકના દેશોને પાકનું ભારે નુકસાન અને વિવિધતાનું નુકસાન થઈ શકે છે, ત્યારે ઠંડા વાતાવરણવાળા દેશો તેમના એકંદર ઉત્પાદન સ્તરને જાળવી રાખવામાં સક્ષમ હોઈ શકે છે.

ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહેલા દેશો, ખાસ કરીને આફ્રિકન દેશો, પહેલાથી જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. કારણ કે વધતું તાપમાન અન્ય સામાજિક અને આર્થિક દબાણો સાથે સુસંગત છે. ઘણા નીચા અક્ષાંશવાળા વિસ્તારોમાં, ખાસ કરીને આફ્રિકામાં, ઉપજ વિશ્વના અન્ય પ્રદેશો કરતા ઓછી છે. આ દેશો ખાતરો અને સિંચાઈની પહોંચ વધારીને તેમજ ઉત્પાદન અને સંગ્રહ શૃંખલાઓ દ્વારા ખાદ્ય નુકસાન ઘટાડીને વધુ ઉપજ પ્રાપ્ત કરી શકે છે.

જોકે, ગ્લોબલ વોર્મિંગ આ અંદાજોમાં ઘણી અનિશ્ચિતતા ઉમેરશે અને સંભવતઃ વધુ પગલાં લેવાની જરૂર પડશે, જેમ કે અનુરૂપ પાક પસંદગી અને નવી સંવર્ધન પદ્ધતિઓ અપનાવવી. મોડેલોનો અભ્યાસ અને વિશ્લેષણ કરવું સરળ લાગે છે, પરંતુ સૌથી મુશ્કેલ બાબત એ છે કે ફેરફારો કેવી રીતે કરવા તે સમજવું.

અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે કે નીચા અક્ષાંશવાળા દેશોમાં નીતિ નિર્માતાઓએ કૃષિ માળખાગત સુવિધાઓમાં રહેલા અંતરને દૂર કરવાના રસ્તાઓ શોધવા જોઈએ. વધુ પ્રતિકૂળ વધતી પરિસ્થિતિઓ માટે પણ તૈયાર રહેવું જોઈએ. આવા પ્રયાસો વિના, સ્થાનિક સમુદાયો, જે પહેલાથી જ ખોરાકની અછતના જોખમમાં છે, તેઓ આગામી વર્ષોમાં વધુ સંઘર્ષ કરશે.

## 'સહકાર' પાક્ષિક અને 'ગ્રામસ્વરાજ' માસિકના જાહેરાતના દર

### તા. ૧-૧૦-૨૦૨૪ થી

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૬,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૬૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૨. અડધું પાન | ૪,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૪૦,૦૦૦/- | ૯૦,૦૦૦/- |
| ૩. પા પાના | ૩,૦૦૦/- | ૧૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૬૫,૦૦૦/- |
| ૪. શુભેચ્છા | ૨,૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૧૮,૦૦૦/- | ૪૦,૦૦૦/- |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/-

**'સહકાર' વિશેષાંક : ૨૦૨૫ થી**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈટલ પાન - ૪ | ૪૦,૦૦૦/- |
| ૨. | ટાઈટલ પાન - ૨ / ૩ | ૨૫,૦૦૦/- |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૫,૦૦૦/- |
| ૪. | અંદરનું આખું પાન | ૭,૫૦૦/- |
| ૫. | અંદરનું અડધું પાન | ૫,૦૦૦/- |
| ૬. | અંદરનું પા પાન | ૩,૦૦૦/- |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

| 'ગ્રામસ્વરાજ' માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન - ૪ | ૫,૦૦૦/- | ૫૦,૦૦૦/- |
| ૨. ટાઈટલ પાન - ૨ / ૩ | ૪,૦૦૦/- | ૪૦,૦૦૦/- |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| ૫. પા પાન | ૧,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૬. શુભેચ્છા | ૫૦૦/- | ૫,૦૦૦/- |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-08-2025)

# જીવન વહેતી નદી છે

આજે જે કંઇ કહ્યું, કાલે આપણે તેને વખોડી શકીએ છીએ, પરંતુ એનો મતલબ એ નથી કે આપણું મન સ્થિર નથી.

આપણા વિચારો તળાવના બંધિયાર પાણી જેવા ન હોવા જોઈએ. તે વહેતી નદી જેવા હોવા જોઈએ. તેમાં સતત પરિવર્તન આવતું રહેવું જોઇએ. કેટલાક લોકો કહેશે કે આનું એક ચિત્ત નથી. પોતાની વાત ઉપર મક્કમ નથી.

આપણી કોઈ વાત ખોટી છે, એ જાણવા છતાં તેને માનીને ચાલવું શું યોગ્ય છે ? શું આ મક્કમ મનની નિશાની છે ?

એક જ પ્રકારના મર્યાદિત વિચારોને જીવનપર્યંત માનીને ચાલવું એ સંકુચિત માનસ કહેવાય છે. જો આપણે આજુબાજુ એક લક્ષ્મણરેખા દોરીને બેસી રહીશું, નવા નવા વિચારોને મગજમાં પ્રવેશવા નહીં દઈએ, તો તળાવના બંધિયાર પાણી જેવી સ્થિતિ પેદા થઈ જશે. જેમ બંધિયાર પાણી ગંધાય છે, તેવી જ રીતે જૂના વિચારો ન છોડવાથી આપણું મન-મસ્તિક સંકુચિત થઈ જશે.

પોતાની જાતને બુધ્ધિશાળી માનવાવાળા લોકોની મનોદશા ખરેખર તો ગ્રામોફોનના રેકર્ડ જેવી હોય છે. જ્યારે પણ તેને ચાલુ કરો, એકનું એક ગીત વાગ્યા કરે છે. વર્ષોનાં વર્ષો સુધી આવા બુદ્ધિશાળી એક જ પ્રકારના વિચારો અને સિદ્ધાંતોનું પાલન કરતાં રહે છે. એકનું એક જ રટણ કર્યા કરે છે, એટલે કે તેમનું મગજ એક જ પ્રકારે એક જ દિશામાં કામ કરવા ટેવાયેલું હોય છે.

સૂર્યમુખીનું ફૂલ જ્યાં જ્યાં સૂર્ય ફરે છે, ત્યાં ત્યાં ફરે છે. એટલે કે તે કાયમ પ્રકાશની દિશામાં ફરે છે. તો શું એનો મતલબ એ છે કે અસ્થિર મનનું છે ?

જ્યારે બારી ખુલ્લી હશે, ત્યારે જ તાજો શુદ્ધ પવન અંદર આવી શકશે. એવી જ રીતે જો મગજનાં કમાડ ખુલ્લાં રહેશે, તો આપણે સારા - નરસાનો ભેદ સહેલાઈથી પારખી શકીશું. એટલે જ જીવન પરિવર્તનશીલ હોવું જોઇએ. વહેતી નદીની જેમ સદાય ચાલતું....

– વેમૂરિબલરામ

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza,
B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat